
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૪૭ ● જુલાઈ ૨૦૧૯



## કાલુપુર, અમદાવાદ મંદિરમાં કેશર સ્નાન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



૧.શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા (કડી)માં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. ડેલપુરા ગામે બહેનોના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩. એકાદશીના દિવસે કાલુપુર મંદિરમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંત મહાદીક્ષા . ૪. જાકાસણા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૫. પલસાણા મંદિરના સુવર્ણ જયંતી પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● સળંગ અંક : ૧૪૭

જુલાઈ-૨૦૧૯

(મૂળ વર્ષ ૫૦)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9099098969
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦



## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ધર્મકુળને આશ્રિત | ૦૬ |
| ૦૪. | અવતારીને સદા નમન | ૦૯ |
| ૦૫. | શ્રીહરિ સ્થાપિત ધર્મવંશી આચાર્ય પરંપરા | ૧૩ |
| ૦૬. | રાજાભાઈ | ૧૬ |
| ૦૭. | હરિસ્મૃતિઃ અનમોલ ગ્રંથ | ૧૭ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૨ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

હમણા સમગ્ર વિશ્વમાં યોગદિન ઉજવાયો. જે સૌ કોઈ માટે સારી વાત છે.

શરીરની તંદુરસ્તી સારી રહે તેના માટે યોગ ખૂબજ જરૂરી છે. અનેક રોગ યોગ કરવાથી મટી ગયાના અનેક દાખલા છે. બાળક, યુવાન અને વૃધ્ધ સુધીના યોગ કરીને પોતાનું શરીર તંદુરસ્ત રાખે છે. સમગ્ર વિશ્વમાં અને તેમાંય આપણા દેશમાં ડાયાબિટિસ નામનો મહા રોગ ઘરે ઘરે પ્રસરી ગયો છે. કોઈને ચાલવું ગમતું નથી. પાન, મસાલા અને ગુટકાનું સેવન વધતું જ જાય છે. સાથે સાથે ટેન્સન પણ આ રોગમાં મુખ્ય ભાગ ભજવે છે.




શ્રી સ્વામિનારાયણ ભગવાન વન વિચરણમાં ગોપાલ યોગી પાસે યોગ શીખેલા અને લોજમાં આવ્યા ત્યારે પણ બધાને શિખવતા. ભગવાને કોઈ વસ્તુ બાકી નથી રાખી. શિક્ષાપત્રીમાં નાની-નાની બાબતોને દૈનિક જીવનમાં વણી લીધી છે. આપણે જો તે પ્રમાણે વર્તીએ તો આપણને ક્યારેય કોઈ પણ દુઃખ માત્ર ન આવે.

લોકો તો હમણા થોડાક વરસોથી યોગ, પ્રાણાયામના પ્રયોગ કરે છે. પણ આપણને તો ૨૫૦ વરસથી શ્રીજી મહારાજે આ બધું શિખવ્યું છે. આપણા માટે આ નવું નથી. માટે દરેક હરિભક્તોએ ખાસ પોતાના સુંદર આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે ચાલવાની કસરત, યોગ, પ્રાણાયામ તો કરશો જ પણ આહાર-વિહારનું ખાસ ધ્યાન રાખશો. બજારૂ જેવા તેવાં અશુધ્ધ આહાર લેતા હોય તો બંધ કરશો. શુધ્ધ અને આરોગ્યપ્રદ આહાર લેવાનું રાખશો તો તમારા સૌનું સ્વાસ્થ્ય ખૂબજ સારું અને તંદુરસ્ત રહેશે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(જૂન-૨૦૧૯)


૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ખારવી (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૪ શ્રી સ્વા. મંદિર ન્યુ રાણીપ શ્રીકષ્ટભંજનદેવની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૫ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા (તા. કડી) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૨૯ સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ





## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ


(જૂન-૨૦૧૯)

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

# ધર્મકુળને આશ્રિત

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



ધર્મવંશ કે ધર્મકુળના અર્થ પુરાણોમાં અલગ અલગ સ્વરૂપે કહેવામાં આવેલ છે. પરંતુ ગ.પ્ર. ૧ વચનામૃતમાં શ્રીહરિએ સ્વમુખે ''ધર્મકુળને આશ્રિત'' જે ઉલ્લેખ કર્યો છે તેનો અર્થ બહુ જ સ્પષ્ટ રીતે આપણા સંપ્રદાયના ગ્રંથો ઉપરથી જણાય આવે છે. વચનામૃત વડતાલના ૧૮ માં સ્વયં શ્રીજીમહારાજ કહે છે કે ''માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે. ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ એવી રીતે ગુરુ પરંપરા જાણવી. અને અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી.'' આ વચનામૃતમાં સ્વંય શ્રી સ્વામિનારાયણ ભગવાને જણાવી દીધું છે કે ધર્મકુળ એટલે અમારુ કુળ.

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ ધર્માખ્યાન ગ્રંથમાં આ વાતને સ્પષ્ટ શબ્દોમાં કહી છે.

**અતિ પુણ્યવંત ધર્મકુળ જેહજી,**
**સૌના ગુરુ અમે કીધા તેહજી ।**
**માટે અમારા સેવક સર્વજી,**
**ધર્મવંશ સેવો તજી ગર્વજી ॥**

(ધર્માખ્યાન - કડવું-૧૨૭/૧)

તે માટે એ ધર્મકુળના,
આશ્રિત જે કોઈ થાય ।
અંત સમે શ્રીકૃષ્ણ તેની,
કરશે આપ સહાય ॥
(ધર્માખ્યાન - કડવું-૧૨૮/૩)

ભક્તચિંતામણી ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી એ લખ્યું છે.

વળી ધર્મવંશી દ્વિજ ધીર રે,
અવધ પ્રસાદને રઘુવીર રે ।
એહ દત્તપુત્ર છે અમારા રે,
તેને કર્યા છે ગુરુ તમારા રે ॥
(ભક્તચિંતામણી ૧૬૦/૪૭)

પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં પણ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

**ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર રોઈ નાર ।**
**પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર ॥**
(પુરુષોત્તમ પ્રકાશ ૩૮/૪)

ધર્મકુળ અથવા ધર્મવંશને આશ્રિત થવાની વાતમાં તમામ સંતો, હરિભક્તોનો સમાવેશ કરેલ છે. જે કોઈ ધર્મકુળને આશ્રિત થાય છે તે ઓછી મહેનતે મોક્ષ પામે અને એ વિનાના તો બાહુબળથી સમુદ્ર તરવા ઈચ્છે એવા અબુધ કહી શકાય. ધર્મકુળ એટલે ધર્મદેવ નો જ વંશ એ ચોખવટ કરતા સ્વયં શ્રીજી મહારાજના પોતાના શબ્દો છે.

કાંજે એ છે ધર્મનું કુળ રે,
માટે એ વાતનું ઉંડું મૂળ રે ।
જેવું અમારું કુળ મનાશે રે,
તેને તુલ્ય બીજું કેમ થાશે રે ॥
(પુરુષોત્તમપ્રકાશ ૩૯/૭-૮)

માટે સહુ ધર્મકુળ માનજો,
સહુ કરજો એની સેવ ।
અન્ય જન જેવા એહ નહિ,
એ છે જાણજો મોટા દેવ ॥
(પુરુષોત્તમપ્રકાશ ૪૦/૧)

માટે સૌ રે જો એને વચને રે,
ત્યાગી ગૃહી સહુ એક મને રે ।
રેજો ધર્મવંશીને ગમતે રે,
વર્તશોમાં કોયે મન મતે રે ॥
(પુરુષોત્તમપ્રકાશ ૪૦/૫)

એ વાત તો પાકી છે કે જેવું શ્રીજી મહારાજનું કુળ મનાશે એવો પોતે થાશે. ઘણા ધર્મકુળ અથવા તેમના આશ્રિત સંતો, ભક્તો કરતા પોતાને શ્રેષ્ઠ સાબિત કરવા પ્રયત્નો કરતા હોય છે. પરંતુ જ્યારે મહારાજના અને નંદસંતોના વચનો આવે ત્યારે સમજુ હરિભક્તો કોઈ પણ ભભકામાં ન લેવાતા સત્ય વાત ને સ્વીકારી લે છે.

સહજાનંદ સ્વામી પોતે શિક્ષાપત્રીમાં કોના આશ્રિત થવું તે કહે છે.

''कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।
धार्ये नित्यं चौर्ध्वपुंड्रं ललाटादौ द्विजातिभिः ॥
( शिक्षापत्री–४१ )

''અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી. અને લલાટ, હૃદય અને બે હાથ એ ચાર ઠેકાણે ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું.''

દીક્ષા લીધા વિના શ્રીકૃષ્ણની પૂજા રૂપ ભક્તિનો અધિકાર પ્રાપ્ત થતો નથી. તથા કંઠી, માળા અને તિલકનો પણ અધિકાર પ્રાપ્ત થતો નથી. આવુ સ.ગુ. શતાનંદ સ્વામીનું વચન શિક્ષાપત્રી અર્થદીપિકા ટીકામાં છે. ભક્તિ માટે દીક્ષા જરૂરી છે. અને દીક્ષા, ધર્મવંશી આચાર્ય પાસેથી જ પ્રાપ્ત થઈ શકે છે. કેમ કે આ અધિકાર માત્ર શ્રીજી મહારાજે તેઓશ્રીને જ આપેલો છે. આ બાબતમાં સ.ગુ. શતાનંદ સ્વામી લખે છે.

''गुरुपदस्थ धर्मवंश्यब्राह्मणात् सकाशात् तस्यैव स्वेन गुरुपदे स्तापितत्वादिति भावः''

ગુરુ પદમાં સ્થાપન કરેલા ધર્મવંશી બ્રાહ્મણ પાસેથી, તેને જ પોતે ગુરુપદે સ્થાપન કરેલા છે માટે, એવું તાત્પર્ય છે.

જે કોઈ પણ ત્યાગી, ગૃહસ્થ ધર્મવંશી આચાર્યશ્રીના આશ્રિત થઈ દીક્ષા ગ્રહણ કરે છે તેઓને આશ્રિત થવાના ફળ રૂપે સત્સંગીના નાતે ધર્મકુળના જ વેદ, શાખા, પ્રવર, ગોત્ર અને કુળદેવ વિગેરે દીક્ષા ગ્રહણ કરનારને પણ પ્રાપ્ત

થાય છે. આવું આશ્રિત થવાનું બહુ જ મોટું અલૌકિક ફળ છે. અને જવાબદારી પણ છે.

''मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।

गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्षा मुमुक्षवः ॥

( शिक्षापत्री-१२८ )

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુ જનને દીક્ષા આપવી.

આ શ્લોકની ટીકામાં સ.ગુ. શતાનંદ સ્વામી એ લખ્યું છે કે, ''મારા આશ્રિત-મારા શિષ્ય પુરુષો અને સ્ત્રીઓ-સર્વજનોને ધર્મની રક્ષા માટે અમારા પુત્રોએ ''स्वशरणागताः'' પોતાને શરણે આવેલાને દીક્ષા આપવી. અથવા આશ્રિત કરવાનો અધિકાર ધર્મવંશી આચાર્યશ્રી ને જ છે. એટલે ગઢડા પ્રથમના ૧ વચનામૃતમાં જે 'ધર્મકુળને આશ્રિત' શબ્દ વપરાયો તે ધર્મવંશી આચાર્યશ્રી માટે જ વપરાયો છે.

શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રમાં શ્રીહરિ સ્વમુખે કહે છે ''હે ભક્તજનો ! આજથી આરંભીને અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને તમારા આચાર્યરૂપે સ્થાપન કરેલા છે. એમ નિશ્ચય જાણો. (૩૪) નરનારાયણદેવ દેશમાં જે મારા આશ્રિતો રહેલા હોય તેઓ અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે એમ નક્કી જાણો (૩૫) લક્ષ્મીનારાયણ દેવના દેશમાં રહેલા મારા આશ્રિતો હોય તે બધા રઘુવીરજીના શિષ્યો છે. એમ જાણો (૩૬).

(સત્સંગિજીવન ૪/૬૦)

एतयोश्चैतछंश्यानां करिष्यन्ति च आश्रयम् ।

तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ॥

( सत्संगिजीवन ४/६०/३९ )

જે જનો આ મારા બંને પુત્રો તથા આ વંશમાં થનારા ગુરુપદમાં રહેલાઓનો આશ્રય કરશે તેમને ભગવાન શ્રીકૃષ્ણ દેહાંતે પોતાના ધામમાં લઈ જશે.

દેશવિભાગના લેખમાં શ્રીજીમહારાજે લખ્યું છે કે ''સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા એ સમસ્તનાં તથા સત્સંગી સમસ્તના તમો બેય ગાદીવાળાને આચાર્ય સ્થાપ્યા છે. તે સર્વે નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે.''

''ને શ્રી ધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો. ને મન, કર્મ, વચને આજ્ઞામાં રહેજ્યો ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાળે સુખ થાશે નહિ. ને અતિ કષ્ટને પામશે.''

''ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહને મુકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે ત્યારે તો કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે એવી રીતે ભગવાનના ભક્ત ભગવાના ધામમાં જાય છે, તેને યોગ સમાધિ વાળા તે પ્રત્યક્ષ દેખે છે. (ગ.પ્ર. ૧) આ વચનનો પ્રત્યક્ષ અર્થ જણાય છે કે, ધર્મકુળને આશ્રિત ભક્ત ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા ગ્રહણ કરવાથી દેહ છતે તેનો દેહ બ્રહ્મમય બને છે. ને દેહાંતે ભગવાનના ધામ પ્રત્યે જાય છે.

આપણા સંપ્રદાયમાં કેટલાક લોકો જે કાલ્પનિક મતવાદીઓ ધર્મકુળ અને ધર્મકુળનો અર્થ એવો કરે છે કે, જે કોઈ માણસ ધર્મ પાળે તે ધર્મવંશી જાણવો, તો પછી જગતમાં જૈન ધર્મના આશ્રિતો આપણા કરતાં અનેક ઘણો વધુ ધર્મ પાળી રહ્યા છે, તો શું તેઓને ધર્મવંશી કહેવાય ?

ધર્મદેવનું કુળ જે સંપ્રદાયની ગાદી પર બિરાજમાન હોય તે ધર્મકુળ-ધર્મવંશી છે તેવો આપણા સંપ્રદાયના તમામ શાસ્ત્રોનો સત્ય સનાતન સિધ્ધાન્ત છે.

# અવતારીને સદા નમન

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

वसंततिलकावृतम्, अखंडानन्द वर्णी कृत

हे धर्मपुत्र हरिकृष्ण तपः प्रियादय नारायणाखिलगुरो विजितेन्द्रियेश ।
ज्ञानिन प्रभोऽनिलसुतेष्ट हरे अजन्मन कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥१॥
भूमन् बृहद् वृतधरात्मद वासुदेव भक्त्यात्मजास्तिक महाव्रत साधुशिल ।
स्वामिन् स्वतंत्र धनमैचक नीलकंठ कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥२॥
योगीश्वरातिकरुणार्द्र विलोचनाब्ज सिद्धेश्वरोद्धवमताब्जविकाससूर्य ।
पाखंडखंडनपटौ स्वजनार्द्रचित कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥३॥
ब्रह्मन् परात्परविभोऽक्षरवास विष्णो कारुण्यसागर महामुनिवंदिताध्रे ।
भक्तप्रियोतम नराधिपवंद्यपाद कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥४॥
मुक्तेड्य चाश्रितजनार्तिहरप्रताप धर्माढ्यभक्तिपथपोषक दिव्यमूर्ति ।
तापत्रयाभिभावार्तजनानुराग कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥५॥
लक्ष्मीपते जनपते स्वपते परात्मन् मयापते मनिपतैऽजपते महात्मन् ।
गोपीपते सुरपतेऽर्कपतेऽव्ययात्मन् कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥६॥
शुद्धप्रगल्भपुरुषोत्तम मोक्षदायिन् दातांतिशांत विशदाशय भक्तलभ्यः ।
वाग्मिन् क्षमाजलनिधे शुभलक्ष्मपाद कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥७॥
सर्वोपकारक नियामक पुण्यकीर्ते निर्दोष निस्पृह वशिन्निजभक्तपूज्य ।
लोभादिदोषदमनाच्युत कौलहंत कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥८॥
यज्ञेड्य यजहृदयामर यज्ञतंतो यज्ञेश यज्ञफलदोतम यज्ञकर्ता ।
यज्ञेज्य यजविधिशंसन यज्ञमूर्ति कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥९॥
सर्वज्ञ दिव्यचरितातिमनोज्ञ सत्य वेदैकवेदयः पुरुषार्थद दीनबंधो ।
धर्मेष्ट निर्गुण निरंजन नित्यमुक्त कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥१०॥
गोविंद केशव वरेण्य महाधिराज दैत्यांतकाशुभहरिशुद वर्णीवेष ।
स्वस्तोत्रपाठकजनेप्सितसर्वदायिन् कृष्णं नमामि सततं अवतारिणं त्वाम् ॥११॥

**વસન્તતિલકાવૃત્તમ્ અખંડાનંદવર્ણીકૃત**

અખંડાનંદવર્ણી એ કરેલ મહાપૂજા વિધિમાં પૂજન પૂર્ણ થયા પછી ભગવાનના અમૃતાભિષેક કરવા માટે ભગવાનશ્રી સ્વામિનારાયણના એકસોને આઠ નામોનું વર્ણન કરતી સ્તુતિ ગાવા માટે આ સ્તોત્રમાં સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણના ધર્મદેવના પુત્ર સ્વરૂપે પ્રગટ થઈને જે નામો ધારણ કરેલ છે તે નામો જેમાં સૌ પ્રથમ માર્કન્ડેય મહામુનિએ જે ચાર નામો ધારણ કરાવેલ છે. કૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ, નિલકંઠ તેમાંથી પ્રથમ નામ કૃષ્ણ પાડ્યું હતું તે પ્રથમ નામથી અહિં સતત નમસ્કાર કરવાનું વર્ણીરાજ સૂચવે છે. જે આ પૃથ્વી ઉપર અનેક અવતાર ધારણ કરનારા છે.

**હે ધર્મપુત્ર હરિકૃષ્ણતપ પ્રિયાદ્ય નારાયણાખિલગુરો વિજિતેન્દ્રિયેશ. જ્ઞાનિન પ્રભોડનિલસુતેષ્ટ હરે અજન્મનું કૃષ્ણ નમામિ સતત અવતારિણં ત્વામ્ ॥૧॥**

પ્રાર્થના પૂર્વક વિનમ્રતાથી પરમાત્માના દિવ્ય નામોનું ઉચ્ચારણ કરવાનું છે. એટલા માટે સૌ પ્રથમ સંબોધન વાચક વિનય અને નમ્રતાનું સૂચક હે શબ્દનો ઉપયેગ કરેલ છે. હે ધર્મદેવના પુત્ર તમારૂ હરિકૃષ્ણ એવું નામ છે, તમને તપ કરવું બહુજ ગમે છે. સૌના તમે આદિ પુરૂષ છો. નારાયણ છો. જીવમાત્રના ગુરૂ તમારા સિવાય બીજુ કોઈ નથી. તમારે ઈન્દ્રિયોને જીતવાની જરૂર નથી. સર્વના નિયન્તા સ્વામી ઈશ છો. જ્ઞાનશકિત ઈચ્છાશકિત અને ક્રિયાશક્તિના ધારક છો. જ્ઞાનીઓનું શ્રેય તત્વ છે. પ્રભુ સૌના નિયન્તા છો. અનિલસુત હનુમાનજીના જેવું જેમને યતિ પણું નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત જેમને



ઈષ્ટ છે ગમે છે. ભક્તો યોગીઓને ઋષિમુનિઓના ચિત્તને પોતાના સ્વરૂપમાં હરિ લીઓ છો તે શ્રીહરિ અજન્મા છો છતાં અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૧)

**ભૂમનું બૃહદ્ વૃતાધરાત્મક વાસુદેવ ભજ્યાત્મજાસ્તિક મહાવ્રત સાધુશીલ સ્વામિન સ્વતન્ત્ર ઘનમેચક નીલકંઠ કૃષ્ણ નમામિ સતત અવતારિણં ત્વામ ॥૨॥**

ભૂમિ ઉપર અવતાર ધારણ કરેલાં છો. મહામોટું વ્રત બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરો છો. સર્વજીવને આત્માનું જ્ઞાન આપનારા અન્તર્યામી છો. સર્વ વ્યાપક અનન્તકોટી બ્રહ્માંડોમાં વ્યાપક છો. છતાં પ્રેમવશ માતા ભક્તિના પુત્ર થયા છો. સાકાર પરમેશ્વરની ભક્તિ કરવામાં આસ્તિક શ્રદ્ધાવાન છો. કોઈ દિવસ કોઈનીય પાસે કંઇ માંગવું નહિ તેવું અયાચક મહાવ્રતને ધારણ કરેલાં છો. સરલ સ્વભાવ અને સદાચારને ધારણ કરેલાં છો. સર્વના અધિપતિ સ્વામી છો. સ્વયં પોતાનું આ વિશ્વરૂપી તંત્રના નિયામક છો. પોતાને જ આધિન છો. અને અષાઢ માસના ચઢી આવેલાં મેઘ વાદળોના જેવો જેમના માનવ શરીરનો વર્ણ રંગ ધારણ કરેલો છે. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૨)

**યોગીશ્વરાતિકરૂણાદ્ર વિલોચનાબ્જ સિદ્ધેશ્વરોદ્ધવમતાબ્દવિકાસસૂર્ય પાખણ્ડખડુનપટો સ્વજનાર્દ્રચિત્ત કૃષ્ણ નમામિ સતત અવતારિણે ત્વામ્ ॥૩॥**

યોગની સાધના કરનારા યોગીઓના નિયન્તા ઈશ્વર છો. જીવો ઉપર અતિ દયા કરૂણામય દૃષ્ટિથી જુઓ છો ત્યારે તમારા નેત્રો જાણે તાજા વિકસિત કમળ જેવા વિશાળ દેખાય છો. અનેક પ્રકારની સાધનાઓથી સિદ્ધિમેળવનારા સિદ્ધોના પણ નિયન્તા છો. ઉદ્ધવના અવતાર એવા રામાનન્દ સ્વામીએ પ્રવર્તાવેલ આ ઉદ્ધવ સંપ્રદાય શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનો જેમ કમળનો વિકાસ સૂર્ય કરે છે તેમ સંપ્રદાયનો વિકાસ કરવામાં સૂર્ય સમાન છો. પાખંડ ધર્મનું આચરણ કરનારનું ખંડન કરવામાં કુશળ છો. પોતાના ભક્તો માટે અતિ કરૂણાર્દ કોમળ હૃદય વાળા છો. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૩)

**બ્રહ્મન્ પરાત્પરવિભોડક્ષરવાસ વિષ્ણો કારૂણ્યસાગર મહામુનિવન્દિતાંધ્રે । ભક્તપ્રિયોત્તમ નરાધિપવંદ્યપાદ કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ્ ॥૪॥**

તમો સાક્ષાત બ્રહ્મ છો. પરથી પણ પર છો અર્થાત કોઈથી ન સમજી શકાય તેવા છો. વિભુ સર્વને ધારણ કરનારા છો. પોતાના અક્ષરધામમાં સદા નિવાસ કરીને રહો

છો.સર્વવ્યાપક છો. જીવો ઉપર કરૂણા કરવામાં સાગર સમાન છો. મોટા મોટા મુનિઓ જેમના ચરણ કમળોનું સદા વંદન કરે છે. ભક્તોના અતિ પ્રિય છો. અને ભક્તો જેમને અતિ પ્રિય છે. મનુષ્યો રાજાઓ દેવો અને મુનિઓ જેમના ચરણને વંદન કરે છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૪)

**મુક્તોડય ચાશ્રિતજનાર્તિહરપ્રતાપ ધર્માઢયભક્તિપથપોષક દિવ્યમૂર્તે । તાપત્રયાભિભાવાર્તજનાનુરાગ કૃષ્ણ નમામિ સતત અવતારિણં ત્વામ્ ॥૫॥**

માયાના બંધનથી મુક્ત થયેલાં અક્ષરમુક્તો જેમની સદા સ્તુતિ કરે છે. અને પોતાના આશ્રિત જીવોને સર્વપ્રકારના દુઃખોથી મુક્ત કરો છો - છોડાવો છો. એવો જેનો પ્રતાપ ઐશ્વર્ય છે. ધર્મયુક્ત ભક્તિમાર્ગનું પોષણ કરનારા છો. સદા સાકાર દિવ્ય મુર્તિ છો. ત્રણ પ્રકારના તાપ દુઃખો કષ્ટોથી પોતાના ભક્તોને છોડાવવા એજ જેમની રૂચી છે ગમતું છે. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૫)

**લક્ષ્મીપતે જનપતે સ્વપતે પરાત્મન માયાપતે મુનિપતે જપતે મહાત્મન ! ગોપીપતે સુરપતેડર્કપતેડવ્યયાત્મન્ કૃષ્ણ નમામિ સતતં અવતારિણે ત્વામ ॥૬॥**

શોભા સંપત્તિ ધનદ્રવ્યના જે નિયન્તા પતિ છે. જીવમાત્રના પતિ નિયન્તા છે. પોતે સ્વયં પોતાના નિયન્તા સ્વરાટ છે તેમનું કોઈ નિયન્તા નથી. જે આત્મજ્ઞાનીઓને પણ જાણી શકાતા નથી એવા પર છે. જગત સૃજન રૂપ માયાના પતિ નિયન્તા છે. નિર્દોષ એવા ઋષિમુનિઓના આત્માના પતિ નિયન્તા છે. જગત સૃર્જન કરનારાના પણ પતિ નિયન્તા છે. સૌથી મોટા બ્રહદ આત્મા છે. તેમનાથી કોઈ મોટું નથી. પ્રેમીભક્તો એવા ગોપીઓના પતિ છે નિયન્તા છે. દેવલોકમાં રહેનારા દેવતાઓ અને તેમના નિયન્તા રાજા ઈન્દ્રાદિકના પણ પતિ છે નિયન્તા છે. જગતને પ્રકાશ આપનારા સૂર્યના પતિ છે નિયન્તા છે. સ્વયં પોતે સદા અવ્યય છે. જેનો ક્યારેય કોઈ પણ પ્રકારે ફેરફાર ન થાય તેવા છે. અનંત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૬)

**શુદ્ધપ્રગલ્ભપુરૂષોત્તમ મોક્ષદાયિન દાંતાતિશય વિશદાશય ભક્તલભ્યઃ વાગ્મિન ક્ષમાજલનિધે શુભલક્ષ્મપાદ કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ ॥૭॥**

જેઓ સદા શુદ્ધ સત્વમય છે. અતિ તેજસ્વી છે. સર્વપુરૂષોમાં અતિ ઉત્તમ છે. પુરૂષોત્તમ છે. પોતાના આશ્રિત માત્રને પરમ મોક્ષ આપનારા છે. જીવોને અભયદાન મોક્ષદાન આપનારા છે. અતિ શાન્ત મૂર્તિ છો. મનુષ્ય દેહ ધારણ કરવું એ જીવોના ઉપર દયા કરીને ઉદારતાથી મોક્ષ આપવો એજ વિશાળ હૃદય છે. પોતાની ભક્તિ કરનારાને મેળવી શકાય છે. પોતાની વાણીથી જીવોના અજ્ઞાનને દૂર કરનારા છે. જીવમાત્ર ઉપર ક્ષમા કરવી એજ જેમની સાગર જેવી દૃષ્ટિ છે. અર્થાત ક્ષમાના સાગર છે. જેમના ચરણ જ્યાં પણ પડે છે ત્યાં સર્વત્ર શુભમંગલ જ થાય છે. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૭)

**સર્વોપકારક નિયામકઃ પુણ્યકીર્તે નિર્દોષ નિઃસ્પૃહ વશીન્નિજભક્તપૂજ્ય . લોભાદિદોષદમનાચ્યુત કૌલહન્ત કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ્ ॥૮॥**

જ્ઞાની અજ્ઞાની ભક્ત અભક્ત સર્વ ઉપર ઉપકાર

કરનારા છે. અનન્તકોટી બ્રહ્માંડના અક્ષરબ્રહ્મ સુધી સૌના નિયન્તા છે. પુણ્યકીર્તિ સર્વદોષો અને અવગુણોથી શ્રેષ્ઠ યશ અને કીર્તિ વાળા છે અને કલંક રહિત છે.સ્પૃહા ઈચ્છા કે કામના રહિત છે. તેને પોતાને વશ કરનારા છે. પોતાના એકાંતિક ભક્તોને આદર પૂર્વક પૂજનીય છે. ભક્તોમાં રહેલાં લોભ કામ ક્રોધ આદિ દોષોનું દમન કરનારા છે. અચ્યુત પોતાના અક્ષરધામથી ક્યારેય ચલાયમાન થતાં નથી વિચલિત થતાં નથી. નાસ્તિકો ભૂતભૈરવાદિની ઉપાસના કરનારા જીવહિંસા કરનારા શુષ્કવેદાંતી ચાર્વાક અને કર્મવાદીના મત સિદ્ધાન્તનું ખંડન કરનારા છે. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૮)

**યજ્ઞેડ્ય યજ્ઞહૃદયામર યજ્ઞ તંતો યજ્ઞેશ યજ્ઞફલદોત્તમ યજ્ઞકર્તા યજ્ઞેજ્ય યજ્ઞવિધિશંસન નિત્યમુક્ત કૃષ્ણં નમામિ સતતં અવતારિણં ત્વામ ॥૯॥**

જપ કે હોમાત્મક યજ્ઞોથી પ્રસન્ન થાય છે. યજ્ઞ કરનારાના હૃદયમાં સદા વાસ કરો છો. યજ્ઞ કરવાનું રહસ્ય પણ તમો જ છો. યજ્ઞના અને યજ્ઞકરનારાના પ્રાણ છો. અને તેના ઈશ્વર છો. યજ્ઞોનું ઉત્તમ ફળ પણ તમે જ આપો છો. યજ્ઞો કરનારા અને તેનું કારણ પણ તમે જ છો. યજ્ઞોથી તમારી પ્રાપ્તિ થાય છે. યજ્ઞનો જે વિધિ શાસ્ત્રોમાં કહેલ છે તેની જ પ્રશંસા કરનારા છો તેવી જ આજ્ઞા કરો છો. તે પ્રમાણે રહીને જે યજ્ઞો કરે છે તેને જ મળો છો. યજ્ઞના તો સાક્ષાત્ તમે જ મૂર્તિમાન છો. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૯)

**સર્વજ્ઞ દિવ્યચરિતાતિમનોજ્ઞઃ સત્ય વૈદૈકવેદ્યઃ પુરૂષાર્થદ દીનબંધો ધર્મેષ્ટ નિર્ગુણ નિરંજન નિત્યમુક્તઃ કૃષ્ણ નમામિ સતત અવતારિણં ત્વામ્ ॥૧૦॥**

અનન્તકોટી બ્રહ્માંડોના જીવ પ્રાણી માત્રના મન બુદ્ધિ કે શરીરથી થતાં કર્મને જાણો છો. દિવ્ય સ્વરૂપે સદા વિચરણ કરો છો તે તો તમારામાં જેણે મન પરોવેલ છે તેવા ભક્તો જ તમારા સ્વરૂપને ઓળખે છે, જાણે છે. તમે સદા ત્રણેય કાળમાં એક સરખી સ્થિતિમાં રહેનારા છો. સત્ય છો. તમારા સ્વરૂપને વેદાદિક સાત્વિક શાસ્ત્રોથી જ જાણી શકાય છે. મનુષ્યોને ચારેય પ્રકારની સિદ્ધિ તમેજ આપો છો. સત્કર્મ કે પુણ્ય કર્મ કે જ્ઞાન રહિત એવા દીન જનોના પણ તમેજ બંધુ મિત્ર સાચા પથદર્શક છો. વર્ણાશ્રમ અને સદાચારાંદિ ધર્મો તમને પ્રિય છે. તેનું અનુસરણ કરનારા પણ પ્રિય છે. માયિક એવા જે સત્વગુણ તમોગુણ રજોગુણથી રહિત છો. તમારે કોઈ કાર્ય કરવામાં કોઈ પણ પ્રકારના અંજન કે સહાયકની જરૂર નથી. પણ બીજાને સહાયક થાવ છો. સદા સર્વદા અનાદિકાળથી તમે સ્વયં જ સ્વતન્ત્ર નિત્યમુક્ત જ છો. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૧૦)

**ગોવિન્દ કેશવ વરેણ્ય મહાધિરાજ દૈત્યાંતકાશુભહરિશુદવર્ણીવેષ । સ્વતોત્રપાઠકજનેપ્સિતસર્વદાયિન કૃષ્ણ નમામિ સતતં અવતારિણં ત્વામ ॥૧૧॥**

ઈન્દ્રિયોને જીતનારા ગોવિન્દ છો. નિંદ્રાને વશકરનારા કેશવ છો. જીવોને પ્રાપ્ત કરવા મેળવવા યોગ્ય છો. ભજવા યોગ્ય છો. અનંતકોટી બ્રહ્માંડોના રાજાધિરાજ છો. જીવહિંસા અને ક્રૂર કર્મ કરનારાના કાળ છો. અમંગળ અને અશુભ કર્મને તત્કાલ દૂર કરનારા છો. વર્ણીના જેવો વેષ ધારણ કરો છો અને તેવા સાત્વિક સાદા સરળ વેશ ધારણ કરીને જે તમારા સ્તોત્ર અષ્ટકો અને નામનો પાઠ કરનારા જપ કરનારાના સર્વ પ્રકારના મનોરથોને મનમાં ઈચ્છિત કાર્યોને તત્કાળ પુરા કરો છો. અનન્ત બ્રહ્માંડોમાં જીવોના કલ્યાણ માટે જે અવતારો ધારણ કરો છો તે સર્વ અવતારોના અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કળિયુગમાં પ્રગટ્યા ત્યારે જેમનું નામ માર્કન્ડેય મહામુનિએ કૃષ્ણ એવું પાડ્યું છે તે સર્વાવતારી પરમેશ્વરને હું સતત સદા નમસ્કાર કરૂ છું. (૧૧)

# શ્રીહરિ સ્થાપિત ધર્મવંશી આચાર્ય પરંપરા

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

અષાઢ સુદ-૧૫ એટલે ગુરુ પૂર્ણિમાનું પાવન પર્વ જે ચાલું વર્ષમાં તા. ૧૬-૭-૧૯ ના દિવસે આવી રહ્યું છે. વેદો આધારિત સચ્છાસ્ત્રોમાં આધ્યાત્મિક માર્ગમાં ભક્તિની સિધ્ધિને અર્થે પુરાતન કાળથી ગુરુ થકી દીક્ષા લઈને ગુરુની અનુવૃત્તિમાં રહીને ભગવાનના પ્રગટ સ્વરૂપનું આરાધન કરવાનું કહ્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો મોટા ભાગ્યવાળા છે કે પૃથ્વી પર નરાકૃતિ ધારણ કરીને આવેલા સર્વાવતારી સર્વોપરી શ્રીહરિએ પોતાના આશ્રિતો માટે શ્રી નરનારાયણદેવ આદિક પોતાના પ્રગટ સ્વરૂપો સ્વહસ્તે સ્થાપીને ઉપાસનાની સુલભતા કરી આપી અને દીક્ષાની સુગમતા માટે **ધર્મકુળમાં સ્વયં પોતાના હસ્તે પવિત્ર ધર્મવંશી આચાર્ય પરંપરાનું સ્થાપન કર્યું.**

શ્રીહરિએ વડતાલના ૧૮ માં વચનામૃતમાં સત્સંગી હોય તેઓએ અવશ્યપણે જાણવા યોગ્ય વાત કરતા **ગુરુ પરંપરાની વાત કરીને કહ્યું છે કે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી.** સ્વામિનારાયણ સંપ્રદાયના શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિક પાયાના દરેક સચ્છાસ્ત્રોમાં ધર્મવંશી આચાર્ય પદની મહત્તા સ્વયં શ્રીહરિએ કહી છે તેમ છતાં કળિયુગના પ્રભાવ હેઠળ માન, લોભ, ઈર્ષ્યા આદિક અંતઃશત્રુઓને વશ વર્તીને વર્તમાન કાળે કેટલાય ભગવા ધારી કહેવાતા ત્યાગીઓ અને સફેદ વસ્ત્રો ધારી ગૃહસ્થ કહેવાતા બાપાઓ વિમુખ પંથમાં ભટકે છે અને અબુધ ભોળા લોકોને એ માર્ગે ભટકાવે છે.

**ધર્મવંશી આચાર્ય પરંપરાના આશ્રયથી જ જીવાત્મા મોક્ષભાગી બને છે. કારણ કે સંપ્રદાયનો અર્થ જ મોક્ષની એક સુસ્થાપિત પરંપરા એવો ફલિત થાય છે.** શ્રીહરિ સ્થાપિત આ પરંપરાનું આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના માધ્યમથી સ્મરણ કરીએ. **શ્રીહરિએ સંપ્રદાયમાં વિશિષ્ટાદ્વૈત મત ને માન્ય કરીને સંપ્રદાયમાં નીચે મુજબ આચાર્ય પરંપરા સ્થાપન કરેલી છે.**

**શ્રીકૃષ્ણ**

|

**રામાનુજાચાર્ય**

|

**રામાનંદ સ્વામી (ઉધ્ધવજી)**

|

**સહજાનંદ સ્વામી (શ્રી સ્વામિનારાયણ ભગવાન)**

| અમદાવાદ દેશ | વડતાલ દેશ |
|---|---|
| અયોધ્યાપ્રસાદજી મહારાજ | રઘુવીરજી મહારાજ |
| કેશવપ્રસાદજી મહારાજ | ભગવતપ્રસાદજી મહારાજ |
| પુરુષોત્તમપ્રસાદજી મહારાજ | વિહારીલાલજી મહારાજ |
| વાસુદેવપ્રસાદજી મહારાજ | લક્ષ્મીપ્રસાદજી મહારાજ |
| દેવેન્દ્રપ્રસાદજી મહારાજ | શ્રીપતિપ્રસાદજી મહારાજ |
| તેજેન્દ્રપ્રસાદજી મહારાજ | આનંદપ્રસાદજી મહારાજ |
| કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ | નરેન્દ્રપ્રસાદજી મહારાજ |
| | અજેન્દ્રપ્રસાદજી મહારાજ |
| | રાકેશપ્રસાદજી મહારાજ |

શિક્ષાપત્રી શ્લોક ૧૨૮ મુજબ દીક્ષા આપવાનો અધિકાર માત્ર અને માત્ર ધર્મવંશી આચાર્યને તેમજ શ્લોક નં. ૧૩૩ મુજબ બહેનોને દીક્ષા આપવાનો અધિકાર માત્ર આચાર્યશ્રીના પત્ની (ગાદીવાળાશ્રી)ને પહોંચે છે. **તેવી જ રીતે શ્લોક નં. ૬૨ મુજબ મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર માત્ર અને માત્ર ધર્મવંશી આચાર્યશ્રીને પહોંચે છે. શિક્ષાપત્રીની બહાર વર્તે તે અમારા સંપ્રદાય થકી બાહેર છે. તેવું સ્વંય શ્રીહરિએ શ્લોક નં. ૨૦૭ માં લખી દીધું છે.**

વિમુખ પંથીઓમા તો આજ્ઞા અને ઉપાસના બન્ને ખોટા છે. પરંતુ દુઃખ ત્યારે થાય છે કે સંપ્રદાયમાં રહીને પણ કેટલાક સાધુઓ બે દેશ વિભાગના લેખને અવગણીને પોતાની પ્રાઈવેટ સંસ્થાઓમાં ધર્મવંશી આચાર્ય સિવાયના અન્ય બ્રાહ્મણો પાસે મૂર્તિ પ્રતિષ્ઠા કરાવી છે. દેવના તાબામાં ન હોય તેવા પ્રાઈવેટ ગુરુકુળો ખૂબ થયા, હવે પ્રાઈવેટ ટ્રસ્ટો બનાવીને આશ્રમોનું નિર્માણ ચાલ્યું છે. આશ્રમ એટલે ઋષિમુનિઓનો જેવો આશ્રમ નહિ, પરંતુ વિશાળ સંકુલમાં યાત્રિક કે પર્યટકો માટે ભાડેથી ઉતારો આપવા માટે સેંકડો એ.સી., નોન એ.સી. રૂમો હોય, જમવાની વ્યવસ્થા, સભા મંડપ તથા પ્રાઈવેટ મંદિર હોય. સંપ્રદાયના સિધ્ધાંત ને ન જાણનારા ભાવિક ભક્તો આવા આશ્રમો માટે લાખો રૂપિયાનું દાન પણ કરે છે. અને સંપ્રદાયનું બંધારણ તોડવામાં પરોક્ષ રીતે સહભાગી બને છે. કારણ કે આવા આશ્રમો એ દેવની મિલ્કત નથી એ જાણી રાખવું.

**સંપ્રદાયના સાચા સાધુ એ જ હોય શકે જે જેઓ પોતાની રુચિ છોડીને ધર્મવંશી આચાર્યશ્રીની અનુવૃત્તિમાં ગમતામાં રહીને સત્સંગની પ્રવૃત્તિ કરે, શ્રીહરિ સ્થાપિત દેવો અને આચાર્યની મુમુક્ષુ જનોને ઓળખાણ કરાવે, શ્રીહરિ લિખિત શિક્ષાપત્રનું જ્ઞાન કરાવે. શ્રીહરિના સમયમાં ૧૦૦૦ થી વધુ નંદ સંતો હતા. તે દરેક એક એક અવતાર જેવું કાર્ય કરવાને સમર્થ હતા. છતાં કોઈપણ નંદસંતોએ શ્રીહરિની આજ્ઞા લોપીને જુદા ટ્રસ્ટ બનાવીને સેવાશ્રમો સ્થાપ્યા નથી. શ્રીહરિએ પોતાની જગ્યાએ ધર્મવંશી આચાર્યપદનું સ્થાપન કરીને ત્યાગી-ગૃહી તમામ આશ્રિતોને આચાર્યશ્રીની આજ્ઞામાં રહેવા ભલામણ કરી છે. શાસ્ત્રોમાં ધર્મવંશી આચાર્યશ્રીને શ્રીહરિનું જ અપર સ્વરૂપ કહ્યું છે. દેશ વિભાગના લેખમાં શ્રીહરિએ સ્પષ્ટ રીતે લખાવ્યું છે કે સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગિ સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્યને સદાકાલ, નિરંતર માનજ્યો ને મન કર્મ વચને આજ્ઞામાં રહેજ્યો ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાલે સુખ થાશે નહિ ને અતિ કષ્ટને પામશે.**

શ્રીહરિએ સંપ્રદાયમાં દરેક બાબતની ખૂબ ચીવટ રાખીને સ્પષ્ટતા કરી છે. ગુરુપૂર્ણિમાના દિવસે એવું જોવામાં આવે છે કે ઘણા હરિભક્તો જે દેશમાં રહેતા હોય તે દેશના આચાર્યશ્રીને અવગણીને ગુરુપૂજન કરવા માટે બીજા દેશના આચાર્યશ્રી પાસે જતા જોવા મળે છે. અને ત્યાં જઈને પણ વર્તમાન આચાર્યશ્રીને છોડીને અગાઉના આચાર્યશ્રીનું પૂજન કરવા ત્યાંની સભામાં હાજરી આપે છે. અને કહેતા હોય છે કે અમે અગાઉના આચાર્યશ્રી પાસેથી ગુરુમંત્ર લીધો હોવાથી અમારા તો એ જ ગુરુ છે. દેશ વિભાગના લેખમાં શ્રીહરિએ સ્પષ્ટતા કરી છે કે **કોઈ હરિભક્ત શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં રહેતો હોય ને તેણે મંત્ર ઉપદેશ તે ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ તે ગાદી ના આચાર્યના ચોપડામાં લિખાવેલ હોય તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રી નરનારાયણના દેશમાં ઉચાલો લઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરુ માનવા પણ તેનો કશો દોષ ધારવો નહિ જે પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને ગુરુ કરી મંત્ર ઉપદેશ લીધો છે ને હવે કેમ શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને ગુરુ માની દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું આપું એવો સંશય રાખવો નહિ શા માટે જે એવી અમારી આજ્ઞા છે.** આગળ તેનાથી વિરુધ્ધ પણ શ્રીહરિએ સ્પષ્ટતા કરેલી છે. ટૂંકમાં શ્રીહરિએ આચાર્યપદ સ્થાપન કર્યું છે બે ગાદી ફીકસ રહે છે. બન્ને ગાદી પરના આચાર્યશ્રી કાળની ગતિ અનુસાર ફરતા રહે છે. માટે જે દેશમાં રહેતા હોઈએ તે દેશના વિદ્યમાન આચાર્યશ્રીને ગુરુ તરીકે માનવા જેથી સંપ્રદાયમાં એક સૂત્રતા રહે, વળી અમદાવાદ અને વડતાલ એમ બે સનાતન ગાદીને જ માનવામાં આવે તો સનાતન બે આચાર્યથી વધારે સંખ્યામાં આચાર્ય પણ ન સંભવે. બે સિવાયની ત્રીજી કે ચોથી કોઈ ગાદીને માનવી તે પણ બંધારણ તોડવામાં નિમિત્ત રૂપ બનીને ઈષ્ટદેવનો દ્રોહ કર્યા બરાબર છે.

શ્રીહરિ ચરિત્રામૃત સાગરના પૂર-૧૧, તરંગ-૨ માં સ્પષ્ટતા કરી છે કે શ્રીહરિએ એક ગાદીને બદલે બે ગાદી જીવના હિતને માટે કરી છે. શ્રીહરિએ સંત-હરિજનને પૂજ્ય એવી આ મોક્ષની ગાદીને મોક્ષ ભાગી જનો નમે છે અને જન્મ મરણનું દુઃખ ખુવે છે. વળી કહ્યું કે ગાદીવાળા આચાર્યશ્રીની રીત બાંધી છે તે રીતમાં ચાલે તેને માનજો. ઉન્મત થઈને રીતનો લોપ કરીને ચાલે ત્યારે બેય દેશના ધર્મમાં કુશળ એવા સંતો, વર્ણી, હરિભક્તો તેમણે ભેગા થઈને એકાંતમાં ધર્મની રીત વિચાર કરીને કહેવી અને તે રીત પ્રમાણે વર્તાવવા. આગળ પૂર-૮, તરંગ-૬૪ માં કહ્યું છે કે ભૂપ અને ગુરુઓ જેટલા નીતિમાં દ્રઢ રહે તેટલા જ તે વૃધ્ધિ પામે, નહિ તો સ્થાન ભ્રષ્ટ થઈ જાય, નિમિત્ત કોઈ

પણ બને પરંતુ શ્રીહરિની મરજી વિના કોઈથી તરણું પણ તોડાતું નથી. **અનંત કોટી બ્રહ્માંડનો વહીવટ શ્રીહરિની મરજી અનુસાર થતો હોય તો પોતે સ્થાપેલી સત્સંગની બે ગાદીનો વહીવટ અથવા જે તે સમયે જે તે ધર્મવંશી આચાર્યશ્રીની નિમણૂંક શ્રીહરિની મરજી અનુસાર જ થતી હોય છે. આવું જો માનીએ તો જ બન્ને આચાર્યશ્રીમાં દિવ્ય ભાવ રહે નહી તો મનુષ્ય ભાવ આવી જાય** અને તેથી જ સંપ્રદાયમાં કલુષિત વાતાવરણનું નિર્માણ થાય છે. અને ગાદી પરના આચાર્યશ્રીનો દ્રોહ થતા સીધો જ ઈષ્ટદેવનો દ્રોહ થાય છે. શ્રીહરિને ધર્મ વહાલો છે, ધર્મનો નાતો છે. માટે સંપ્રદાયની અખંડિતતા માટે શ્રીહરિ સ્થાપિત બે ગાદી સિવાય અન્ય કોઈ ગાદી કે પરંપરાને ન માનીએ એ સત્સંગની એક સેવા જ છે. ધર્મકુળ પરિવારના તમામે તમામ સદસ્યોએ પણ પોતાના આત્યંતિક શ્રેય માટે શ્રીહરિ સ્થાપિત બે ગાદી અને તે ગાદી પરના બે આચાર્યને જ માનવા. લાલ પાઘ તો ક્યારેય ન પહેરવી. અમદાવાદ મંદિરના સભા મંડપમાં રહેલી આચાર્ય પરંપરાની સનાતન પાટ તેમજ વડતાલ મંદિરમાં સભામંડપમાં રહેલી આચાર્ય પરંપરાની સનાતન પાટ પર જે તે ધર્મવંશી આચાર્ય જે તે સમયે બિરાજતા હોય તે અને માત્ર તે જ આચાર્યશ્રી લાલ પાઘ પહેરવાના અધિકારી છે. કારણ કે આ સનાતન લાલ પાઘ ધર્મવંશી આચાર્યશ્રીનું ઓળખ ચિન્હ અને પ્રતિક છે. **શ્રીહરિનું દિવ્ય તેજ આ લાલ પાઘમાં સમાયેલું છે.**

તેવી જ રીતે આ ધર્મવંશી આચાર્ય થકી સામાન્ય દીક્ષા લેવાથી સત્સંગીની સંજ્ઞા પ્રાપ્ત થાય છે અને બીજી મહાદીક્ષા લેવાથી આત્મનિવેદીની સંજ્ઞા પ્રાપ્ત છે. સત્સંગમાં આપણને જે ગુરુ શ્રીહરિએ શોધીને આપ્યા છે તેવા ગુરુ ચૌદ ભુવનમાં કોઈને મળ્યા નથી. માટે જ પુરુષોત્તમ પ્રકાશમાં શ્રીહરિ કહે છે.

**માટે સહુ ધર્મકુળ માનજો,**
**સહુ કરજો એની સેવ ।**
**અન્ય જન જવા એહ નહિ,**
**એ છે જાણજો મોટા દેવ ॥**
**એક બ્રાહ્મણ ને જાણો ભક્ત અતિ,**
**વળી કા'વે અમારું કુળ ।**
**એને સેવતાં સૌ જન તમો,**
**પામશો સુખ અતુલ ॥**
**મનવાંછિત વાત મળશે,**
**વલી સેવતાં એના ચરણ ।**
**એ છે અમારી આગન્યા,**
**સર્વે કાળમાં સુખકરણ ॥**
**મન કર્મ વચને માનજો,**
**એમાં નથી સંશય લગાર ।**
**એહ દ્વારે મારે અનેકનો,**
**આજ કરવો છે ઉધ્ધાર ॥**
**એને રાજી રાખશો જો તમે રે,**
**તો તમ પર રાજી છીએ અમે રે ।**
**એને રાજી રાખશે જે જન રે,**
**તેણે અમને કર્યા પરસન રે ॥**
**કાં જે અમારે ઠેકાણે એ છે રે,**
**તે તો પ્રવીણ હોય તે પ્રીછે રે ।**
**બીજા જન એ મર્મ ન લહે રે,**
**ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે ॥**
**અમે એમાં એ છે અમમાંઈ રે,**
**એમ સમઝો સહુ બાઈ ભાઈ રે ।**
**એથી અમે અળગા ન રૈયે રે,**
**એમાં રહિને દર્શન દૈયે રે ॥**

શાસ્ત્રોમાં લખાયેલા આ શબ્દો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ એવા પુરુષોત્તમ નારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાનના છે. અને એ ધર્મવંશી આચાર્ય માટે છે. માટે મનુષ્ય દેહની દુર્લભતા સમજીને કપોળ કલ્પિત આપાલાલ ને બાપાલાલના પૂજનમાં ફસાયા વિના ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે પોત પોતાના દેશના વિદ્યમાન આચાર્યશ્રીનું પૂજન કરીને પાવન થઈએ.

**જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,**
**આજે ધર્મવંશીને દ્વાર નરનારી..... જેને. ટેક૦**
**આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,**
**વાલો તુરત ઉતારે ભવપાર નરનારી.... જેને ૦૧**
**જન્મ મૃત્યુના ભવ થકી છૂટવા રે લોલ,**
**શરણે આવો મુમુક્ષુ જન નરનારી.... જેને**
**શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ,**
**આં તો તુરત થાશો પાવન નરનારી....જેને ૦૨**

પ્રેમાનંદ સ્વામી કૃત આ કીર્તનની આગળની પંક્તિઓ સંપૂર્ણ વાંચી લઈને પ્રગટ શ્રીહરિને ઓળખી લઈને ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા તે મોક્ષદાતા શ્રીહરિનું શરણું સ્વીકારીને પ.પૂ. મોટા મહારાજશ્રીના શબ્દોમાં હીંડોળે હીંચકતા હીંચકતા, જલેબી ખાતા ખાતા કલ્યાણ સાધી લેવું. **સંતો શ્રીહરિનું હૃદય છે જ, સંતોના સમાગમ દ્વારા મોક્ષનું દ્વારા ખુલ્લું થાય છે જ પણ કેવા સંતો ? તો ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા દીક્ષા પામીને, શ્રી નરનારાયણદેવ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદી પરત્વે નિષ્ઠાવાન સંતો, પોતાની પ્રાઈવેટ સંસ્થાઓ માટે નહી પરંતુ શ્રીહરિ સ્થાપિત દેવ માટે મંદિરો માટે પોતાનું જીવન સમર્પણ કરનારા સંતો માટેની આ વાત છે. એ જ સાચી સાધુતા છે.**

# રાજાભાઈ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ઉમરાલી ગામમાં રાજાભાઈ નામે એક હરિભક્ત રહેતા હતા. તેના એક મિત્ર વણિક વીરજીભાઈ હતા. રાજાભાઈ એટલે ઉદાર દિલનો આદમી. તેણે મિત્ર વીરજીભાઈને કહી રાખેલું કે મારે રોજ ખેતીના કામે જવાનું થાય એટલે ગામમાં મારી હાજરી ન હોય તેથી મંદિરમાં કોઈ સાધુ સંતો આવે તો મારા વતી તેમની સીધા સામાનની વ્યવસ્થા તમારે કરવી.

એક દિવસ ગામમાં સંતો આવ્યા. મંદિરમાં ઉતારા કર્યા. વીરજીભાઈએ વિચાર્યું કે સાધુને ઘઉંનો તાજો લોટ આપું. ઘંઉ લઈને રાજાભાઈને ઘેર ગયા. તેમના પત્નીને કહ્યું, બા ! આટલા ઘઉં દળી આપશો ? સંતો આવ્યા છે એટલે તેમના માટે જોઈએ છે. રાજાભાઈના પત્નીએ જવાબ આપ્યો કે એવા તો રખડતા રામ કેટલાયે આવે છે હું કાંઈ નવરી નથી. વીરજીભાઈએ પછી બીજી વ્યવસ્થા કરી સંતોને જે જોઈએ તે બધી ચીજ વસ્તુ લાવી દીધી. સંતો તે જ દિવસે જમીને બીજે ગામ જતા રહ્યા. રાજાભાઈ સાંજે ખેતરેથી ઘેર આવ્યા વાળુ કરીને મંદિરે ગયા. બેઠા બેઠા માળા ફેરવતા હતા. તેવામાં વીરજીભાઈ આવ્યા. રાજાભાઈને કહ્યું કે આજે સંત આવ્યા હતા. તેમણે તમને જય સ્વામિનારાયણ કહ્યાં છે. તેમને ઉતાવળ હતી એટલે રોકાયા નહિ. રાજાભાઈએ પૂછ્યું, આપણા ઘરેથી બધી વ્યવસ્થા થઈ હતી કે નહિં ? વીરજીભાઈ કહે સંતોને ઘઉંનો તાજો લોટ મળી રહે એટલા માટે ઘંઉ લઈને તમારે ઘેર ગયો હતો. તમારા પત્નીને ઘઉં દળી આપવા કહ્યું તો તેઓ બોલ્યા કે એવા તો રખડતા રામ કેટલાયે આવે. હું કાંઈ નવરી નથી. પછી મેં બીજી વ્યવસ્થા કરી લીધી.

રાજાભાઈ કાંઈ બોલ્યા નહિ. પણ પોતે વિચાર કરતા થઈ ગયા. ઘેર પણ પત્નીને કાંઈ કહ્યું નહિ. જાણે કાંઈ બન્યું જ નથી એવું વર્તન રાખ્યું. બીજે દિવસે રાત્રે મંદિરમાં ભેગા થયા ત્યારે વીરજીભાઈને કહ્યું, તમે એક ચિઠ્ઠી લખો. હું લખાવું. ''સવિતાને માલમ થાય જે તારો ભાઈ બહુ જ માંદો છે તો તું તાત્કાલિક અહીં આવી જા.''

સવારમાં હું ખેતર જવાની તૈયારી કરતો હોઉં એ વખતે તમારે આ ચિઠ્ઠી લઈને આવવું.

ગોઠવણ મુજબ વીરજીભાઈએ સવારે આવીને કહ્યું કે તમારા સાસરિયેથી ચિઠ્ઠી આવી છે. તમારા સાળા બહુ જ માંદા છે. આથી અમારી દીકરીને તાત્કાલિક મોકલજો એવું લખ્યું છે. પત્ની રસોડામાં રોટલા ઘડતી હતી તે તરત બહાર આવી. પૂછ્યું મારા માવતરેથી ચિઠ્ઠી આવી છે ? શું લખ્યું છે ? વીરજીભાઈએ ચિઠ્ઠી વાંચી. ''સવિતાને માલમ થાય જે તારો ભાઈ બહુ જ માંદો છે તો તું તાત્કાલિક અહીં આવીજા. પાણી પીવાય રોકાઈશ નહિ.'' રાજાભાઈ કહે તું રહેવા દે હું ખબર કાઢી આવું. પત્ની બોલી કે તમને ક્યાં તેડાવ્યા છે ? મને તેડાવી છે માટે હું જાઉં છું.

રાજાભાઈ પત્નીને કહે છે કે આપણે રાતે ચાંદીના ઘરેણાં વેચીને સોનાનાં લેવાનું નક્કી કર્યું છે તેનું શું ? પત્ની બોલી કે ઘરમાં જે ચાંદી બધી પડી છે તે તમને આપતા જઉં છું. તમે સોનાનાં ઘરેણાં બનાવડાવી રાખજો. હું તો આ ચાલી. કામ બધું યોજના મુજબ થયું. ઘરમાં જેટલી ચાંદી હતી તે વેંચીને સોનું લઈ લીધું. પછી માં ને વાત કરી. ''માં ! મારે સંસારમાં રહેવું નથી હું તો સાધુ થવા ગઢપુર જઉં છું. તારે મારી સાથે આવવું છે કે અહીં રહેવું છે ? મા કહે છે દીકરા ! જ્યાં તું ત્યાં હું રહીશ.

મા-દીકરો ગઢપુર પહોંચી ગયા. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં લીમડા નીચે વિરાજમાન હતા. રાજાભાઈને આવકારો આપી પૂછ્યું, નાનકડા બચકામાં શું લાવ્યા છો ? રાજાભાઈ કહે છે હે મહારાજ ! ઘરમાં જે કાંઈ હતું તે બધું વેચીને સોનું લીધું છે તે આમાં છે. તમારે જેમાં વાપરવું હોય તેમાં વાપરજો. અને મને સાધુ દીક્ષા આપો. મારી માને પણ સાથે લાવ્યો છું. તે કહો ત્યાં સેવા આપશે. શ્રીહરિ કહે તમારા મા મોટીબાની સેવામાં રહેશે. અને તમારે સાધુ થવું છે કે અમે કહીએ તેમ કરવું છે ? રાજાભાઈ બોલ્યા, હે મહારાજ ! આપ કહો તેમ કરવું છે. પરંતુ પાછા ઘેર જવાનું ના કહેશો. શ્રીજીમહારાજે કહ્યું, તમે અગત્રાઈ જાઓ અને પર્વતભાઈનાં છોકરાં મોટા થઈ જાય ત્યાં સુધી તેમનું સાંતી હાંકો. શ્રીહરિના કહેવા પ્રમાણે રાજાભાઈએ અગત્રાઈ જઈ પર્વતભાઈનું સાંતી હાંકવાનું કામ ઉપાડી લીધું.

ખોટા પત્રથી ભોળવાઈ ગયેલી રાજાભાઈની પત્ની ઉમરાલી આવી ત્યારે પાડોશીઓએ કહ્યું રાજાભાઈ તો ઘરની બધી ઘર વખરી સાથે મા ને લઈ ગઢપુર જઈને સાધુ થઈ ગયા છે. મા ને કોક ડોશીમાની સેવામાં રાખ્યા છે.

સવિતાબહેન મનમાં સમસમી રહ્યા.

# હરિસ્મૃતિઃ અનમોલ ગ્રંથ

- મહાદેવપ્રસાદ જોષી (ન્યુ રાણીપ)

વહાલા હરિભક્તો, આપણાં સંપ્રદાયમાં શ્રીજીમહારાજના લાડીલા એવા વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી તેવીસ જેટલા નાના-મોટા ગ્રંથોની રચના કરેલી છે જે પૈકી તેઓની ''હરિસ્મૃતિ'' ગ્રંથની રચના આદર પાત્ર ગણાય છે. આ રચના ગુજરાતી ભાષામાં પદ્યમાં કરાયેલી છે.

શ્રીજી મહારાજે વચનામૃતમાં ગઢડા પ્રથમ પ્રકરણમાં સ્વયં કહ્યું છે કે 'ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેથી કોઈ મોટી પ્રાપ્તિ નથી.'' અને આ અખંડ વૃત્તિ માટે સદ્. નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ''હરિસ્મૃતિ'' નામનું શાસ્ત્ર શ્રેષ્ઠત્તમ ગણાય છે. આ ગ્રંથની પ્રત્યેક પંક્તિ ભગવાન શ્રીહરિની મૂર્તિને આપણાં નયન સમક્ષ તાદશ કરાવે છે.

આ ગ્રંથમાં શ્રીહરિની લીલાઓનું રસપ્રદ વર્ણન તથા પ્રભુના મહિમાનું વર્ણન દરેક વાચકને હરિની સમીપ હોવાનો અહેસાસ કરાવે છે. આ પાવનકારી ગ્રંથમાં કુલ સાત ચિંતામણીનું વર્ણન કરાયેલ છે, જે આ મુજબ છે.

(૧) સ્વરૂપ ચિંતામણી (૨) થાળ ચિંતામણી (૩) દર્શન ચિંતામણી (૪) લીલા ચિંતામણી (૫) માહાત્મ્ય ચિંતામણી (૬) સુખ ચિંતામણી અને (૭) મૂર્તિ ચિંતામણી.

આ સાતેય ચિંતામણીની કુલ ત્રણસોને એકાવન પંક્તિઓ છે. જે પ્રત્યેક પંક્તિનું વાચન, મનન, શ્રવણ મનુષ્ય દેહ માટે સર્વ રીતે સુખકારી અને મંગલકારી ગણાય છે. ખરેખર તમામ પંક્તિઓ ચિંતામણી સ્વરૂપ જ છે. ભગવાનની દિવ્યમૂર્તિ તથા તેમના ગુણો, નામો અને લીલાચરિત્રોનું કીર્તન સ્મરણ એ મોક્ષ પ્રાપ્તિનું મુખ્ય સાધન ગણાયું છે.

આ હરિસ્મૃતિ ગ્રંથમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનો એક મુખ્ય અભિપ્રાય ટૂંકમાં સૂચવેલ છે :

**પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયમાંય,**
**અંગોઅંગ અવલોકીને, અંતર રહું ઉછાય.**
**ચરિત્ર સર્વે ચિંતવી, મૂરતિ ધારે મન,**
**કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન.**

આપણા સંપ્રદાયનાં શાસ્ત્રોમાં તેમજ વચનામૃતમાં પણ અંતકાળની ભગવાનની સ્મૃતિની વિશેષતાનું વર્ણન વિસ્તૃતપણે કરાયેલ છે. હાલ આપણા સંપ્રદાયના અનેકાનેક સંતો, હરિભક્તો પ્રતિદિન હરિસ્મૃતિ ગ્રંથનો પાઠ એક કે વધુ વખત કરતા હોય છે.

આ ગ્રંથના પાઠ થકી પ્રત્યેકના હૃદયાકાશમાં હરિની અખંડ સ્મૃતિ અંકિત રહે છે. ખરેખર, સહજાનંદની મૂર્તિ આનંદકારી તથા સુખકારી છે જે આ પંક્તિ થકી પ્રતિત થાય છે.

**મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ,**
**નખશિખ સુધી નિરખતાં, આવે આનંદ અનૂપ.**

## અષાઢ સુદ-૧૫ પૂનમ ચંદ્ર ગ્રહણ અંગે સૂચન

અષાઢ સુદ-૧૫ તા. ૧૬-૭-૨૦૧૯ મંગળવાર
ગ્રહણ સ્પર્શ રાત્રે ૧-૩૦ મિનિટ
ગ્રહણ મધ્ય રાત્રે ૩-૩૦ મિનિટ
ગ્રહણ મોક્ષ રાત્રે ૪-૩૦ મિનિટ

આ ગ્રહણનો વેધ તા. ૧૬-૭-૧૯ ને મંગળવારના રોજ સાંજના ૪-૦૦ થી શરૂ થાય છે. માટે ૧૬ કલાકથી (૪ વાગ્યા પછી) જમવું નહીં. ગ્રહણ પુરુ થયા બાદ સ્નાન-પૂજા, પાઠ, દાન વગેરે કર્યા બાદ ભોજન કરવું.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

અક્ષરધામના અધિપતિએ ત્રણ ગૂઢ સંકલ્પ કરેલા, એક તો મૂર્તિઓ પધરાવવાનો, બીજો ધર્મવંશી આચાર્યપદ સ્થાપાવનો અને ત્રીજો શાસ્ત્રોની રચના કરવાનો. તેમાંથી સૌથી પ્રથમ શ્રીહરિએ પોતાનું જ સ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવની મહા ચમત્કારી અને અલૌકિક સ્વરૂપની સ્થાપના અમદાવાદમાં કરી.

પછી દિવસ વળતે, પધરાવી છે મૂર્તિ।
નરનારાયણદેવ ડેરે, બેઠા બેઉ બદરીપતિ॥ (ભ.ચિ.પ્ર.-૮૬)

અમદાવાદના છઠ્ઠા વચનામૃતમાં પોતે સ્વમુખે જણાવ્યું કે,

આ શ્રી નરનારાયણને અમે અમારું રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે ..... આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ.

આ પ્રસંગે લાખો હરિભક્તો અને દેવ દેવતાઓની ત્યાં ઉપસ્થિતિ હતી અનંત મુક્તો ત્યાં આ અલૌકિક પ્રસંગના દર્શનાર્થે દિવ્ય દેહે ત્યાં હાજર હતા. વેદધ્વનિ ચોમેર પ્રસરી રહ્યો હતો, દેવનો જયજયકાર દિગંતમાં વ્યાપી ગયો હતો, અનંત મુક્તો અને દેવતાઓ દર્શન કરવાથી પાવન થઈ રહ્યા હતા. સ્વયં અક્ષરધામાધિપતિ પોતાના જ સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા કરી રહ્યા હતા.

આ મંગળ પ્રસંગની યાદ આપતું આ કેડીયું શ્રીહરિએ તે સમયે ધારણ કરેલું હતું. તે પ્રસંગનું સાક્ષી-શ્રીહરિના પંચભૌતિક દેહના સ્પર્શને પામેલું આ મહા દિવ્ય કેડીયું આચાર્યશ્રીની પરંપરામાં જળવાઈ રહેલું. પરમકૃપાળુ એવા મોટા મહારાજશ્રીએ આ દિવ્ય-અલૌકિક-ચમત્કારીક કેડીયું સત્સંગ સમાજના દર્શનાર્થે મ્યુઝિયમમાં પધરાવ્યું છે.

સદા શ્વેતાંબર શ્રીજી ધારતા, અંબર જરકસીયાં કોઈવાર એમ આ જરકસીયું કેડીયું શ્રીજીએ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠાના ઉત્સવમાં પહેરેલું છે. તેના દર્શન માત્રથી આપણને તે ઉત્સવની ઝાંખી થાય છે. સત્સંગના ઉત્કર્ષ માટે શ્રીજીએ કેટલો દાખડો કર્યો છે તે પણ સમજાય છે. આપણે ભલા થઈને તે દાખડાને સફળ કરવા સારું શ્રી નરનારાયણદેવને મૂકીને અન્ય ક્યાંય લોભાવું નહિ અને તેમનો જ આશરો અતિ દૃઢ કરીને રાખવો.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી જૂન-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૨-૦૬-૨૦૧૯ | સુરેશભાઈ આત્મારામભાઈ પટેલ - ન્યુ રાણીપ |
| તા. ૦૮-૦૬-૨૦૧૯ | પ્રવિણભાઈ લખુભાઈ પટેલ હાથપાળીયા - પ્રે. મોટા પી.પી. સ્વામી |
| તા. ૦૯-૦૬-૨૦૧૯ | અ.નિ. નવનીતભાઈ વાડીભાઈ પટેલ - મણીનગર - હ. ધર્મિષ્ઠાબેન તથા ડૉ. હિરેન તથા પ્રીતિકા તથા હેનાંશ |
| તા. ૧૫-૦૬-૨૦૧૯ | મહેન્દ્રભાઈ શિવપ્રકાશ દણાંક - વડોદરા |
| તા. ૧૬-૦૬-૨૦૧૯ | જગતસિંહ ચંદનસિંહ ચાવડા - વરસોડા - હ. વિણાબેન તથા નિરવ - નિર્ણયનગર |
| તા. ૨૩-૦૬-૨૦૧૯ | રાવજીભાઈ મણીભાઈ પટેલ - સાબરમતી |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ જૂન-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | અ.નિ. પ્રભુદાસ ઉમેદભાઈ પટેલ - કુબડથલવાળા ની ૧૮ મી પુણ્યતિથિ નિમિત્તે - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | અ.સૌ.અ.નિ. કુસુમબેન રસિકલાલ શાહ - બોટાદ - હા. અમેરિકા - તેમની પુણ્યતિથિ નિમિત્તે - હ. નમનભાઈ વિપુલભાઈ - શા. સ્વામી હરિૐપ્રકાશ સ્વામીની પ્રેરણાથી |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |



**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

**જીવન પરિવર્તન**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વડતાલની બાજુમાં પેટલાદ ગામ છે. પેટલાદમાં એ વખતે ગાયકવાડી રાજ્ય ચાલે. અને એ ગાયકવાડે નીમેલો સુબો જેનું નામ કસિયાજી. બહુ માથા ભારે, આજુબાજુ એની હાક વાગે. કોણ જાણે કેમ, લેવા દેવા વગર કસિયાજીને સ્વામિનારાયણ ભગવાન સાથે દ્વેષ ભાવ ખરો.

વડતાલમાં મંદિરના કામ માટે સામાનનાં ગાડાં આવતા હોય તો તેના ઉપર ટેક્ષ લે. વિનંતી કરવામાં આવે કે કસિયાજી આ તો મંદિર માટે છે તો કહે, મંદિર તોય સ્વામિનારાયણનું ને, રામજી મંદિર હોય તો પથરા મફત લઈ જવા દઉં. બાકી સ્વામિનારાયણ મંદિર માટે નહિ.

એકવાર ગોપાળાનંદ સ્વામી એને સમજાવવા ગયેલા. પછી થોડું ઢીલું મૂકેલું પણ મનમાંથી એ નિખાલસ થયેલો નહિ.

એકવાર મંદિરના કોઈ કામ પ્રસંગે જોબનપગી કસિયાજીના ઘરે ગયેલા. ઘરનો ઠાઠ બધો રાજાશાહી. જોબનપગી આવ્યા છે એવું ચોકીદારે કહ્યું એટલે બાજુમાં ખુરશી નખાવી. આવો પગી આવો. બાજુમાં બેસવા દીધા. કસિયાજી રાજકારણી ખરાને એટલે ધીમાં અવાજે જોબનપગીની મશ્કરી કરવાની શરૂઆત કરી. પગી ખોટું ન લગાડતા, મેં સાંભળ્યું છે કે સ્વામિનારાયણ ગધેડાની ગાય બનાવે છે. એ સાચી વાત છે ? જોબનપગી એના મનની મુરાદ જાણી ગયા અને તરત જ મક્કમતા પૂર્વક કહે છે. કસિયાજી બિલકુલ સાચી વાત છે. યાદ કરો. થોડાં વર્ષો પહેલાં આ તમારા ઘરના દરવાજા ઉપર કુહાડાના ઘા કોણે માર્યા છે ? કસિયાજીને ભાન થયું. એ દ્રશ્ય યાદ આવ્યું અને ધ્રૂજી ઉઠ્યો. અરે..... આજ આ જોબન અત્યારે મારા ગળા ઉપર મારે નહીં તો સારૂં, જોબનપગી કહે છે, તમારા દરવાજે કુહાડાના ઘા માર્યા ત્યારે તમે ઉંદરડાની જેમ સંતાઈને પાછલા બારણેથી ભાગી ગયેલા. એ કોનાથી ડરી ગયા હતા? એ જોબન હું છું. અને અત્યારે ! તમે ખુરશી નાંખીને બેસાર્યો છે. પેલાં જેની હાંકથી તમે ડરતાં હતા એવો ગધેડા જેવો હું હતો. અત્યારે જુઓ. મને ગાય જેવો કર્યો છે. નહીં તો તમે અત્યારે મારી જોડે બેસી શકો ખરા ? કસિયાજીના રુવાડાં ઉભા થઈ ગયા. મારો વાલો છે તો એનો એ જ હો. અત્યારે કોઈ છે નહીં ને રૂમમાં અમે બે જણાં બેઠાં છીએ. ધીમે રહીને પપૈયું ઉતારે એમ મારૂં માથું ઉતારી લે તો ક્યાં ફરિયાદ કરવા જાઉં !

કસિયાજીએ સમજીને વાત ફેરવી લીધી. બોલો... બોલો.... પગી એ તો સહેજે પૂછ્યું હતું. જોબનપગી કહે છે. હું એક નહીં, મારા જેવા કેટલાય દુર્જનોનું જીવન ગધેડા જેવું એટલે કે દુર્ગુણ ભરેલું હતું. એના જીવન ગાય જેવાં પવિત્ર બનાવનાર સ્વામિનારાયણ ભગવાનને ઓળખો. ઘણીવાર કેટલાંક ઓપરેશન સફળ થતાં હોય છે. કેટલાંક નિષ્ફળ. કસિયાજી ન સુધર્યો તે ન જ સુધર્યો.

મિત્રો ! ભક્તરાજ જોબનપગીની વાત થઈ ત્યારે એમના જીવન પરિવર્તન પછીનો સરસ પ્રસંગ વાંચવા જેવો છે. એકવાર સ્વામિનારાયણ ભગવાનની સાથે પ્રવાસમાં હતા. વહેલી સવારે થોડું થોડું અજવાળું શરૂ થયું. જોબનપગીને એમ થયું સવારનો સમય છે. મહારાજની સાથે સંતો છે, પાર્ષદો છે. દાતણની ક્યાંક વ્યવસ્થા કરું. આજુબાજુમાં નજર કરી. કોઈ ખેતરમાં બાવળ ભાળ્યો એટલે જઈને બે-પાંચ દાતણ લઈ આવ્યા. મહારાજને આપ્યાં. મહારાજ કહે, જોબનપગી ! આ દાતણ ક્યાંથી લાવ્યા ? મહારાજ ! સામે ખેતરમાં બાવળ છે ત્યાંથી. પ્રભુ કહે છે. ખેતરના માલિકને પૂછ્યું હતું ? ના, મહારાજ. તો એ ચોરી કહેવાય. અમે શિક્ષાપત્રીમાં લખ્યું છે, ધણિયાતી એવી વસ્તુ પુષ્પ કે કાષ્ટ, ફૂલ વગેરે ભગવાનને અર્થે પણ એને પૂછ્યા સિવાય ન લેવાય. તમે પૂછ્યા વિના દાતણ લાવ્યા છો એ ચોરી કહેવાય. જાવ એ ખૂડેત જ્યાં રહેતો હોય ત્યાં તપાસ કરીને એની માફી માંગી આવો.

અને જોબનપગી ઉપડ્યાં. ત્યાં કોઈ માણસ પસાર થતો હતો તેને પૂછ્યું. આ ખેતરનો માલિક ક્યાં રહે છે ? તેણે બતાવતા કહ્યું. સામું ખોડું દેખાય એ જ. ગામની ભાગોળમાં એક ઘર બતાવ્યું. પેલો માણસ પરોપકારી હશે એ દોડીને કહી આવ્યો. ચેતજો, પેલું નામ સાંભળ્યું છે જોબનપગી ? હા, ભયંકર કાતિલ લુંટારો. હા, તો એ તમારે ઘેર આવે છે. આ ખેડૂત તો ઘરનાં બારણા ઉઘાડા મુકીને ધ્રૂજવા માંડ્યો. પત્ની- બાળકોને કાઢી મુક્યાં. જલ્દી ભાગો. ત્યાં એકદમ જોબનપગી આવી પહોંચ્યા. ખેડૂત ધ્રૂજે છે. જોબનપગી કહે છે, જો ગભરાઈશ નહી ભાઈ, હું તો તને એક વાત કહેવા આવ્યો છું. તમારી માફી માંગવા આવ્યો છું. બોલો જલ્દી

બોલો, પેલું ખેતર તમારૂં ? હા, એમાં પેલો બાવળ છે. હા છે. એમાંથી દાતણ લીધું હતું. એ ભૂલ થઈ ગઈ. એ ચોરી કહેવાય. એટલે તમે માફ કરજો. પેલો ખેડૂત કહે છે. અરે પગી આખો બાવળ લઈ જાવ પણ અહીંથી જાવ. જોબનપગી કહે છે, ભાઈ ! ગભરાઈશ નહીં તું જે માને છે એ જોબન હું નહીં, હવે, હું સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત છું. માટે તારી માફી માંગવા આવ્યો. આનું નામ જીવન પરિવર્તન.

બાલમિત્રો ! તમે સાંભળ્યું હશે કે પારસનો સ્પર્શ થાય તો લોખંડનું સોનું બની જાય. એમ ભગવાનનો, સંતનો, સત્સંગનો યોગ થાય તો જીવન પરિવર્તન થાય. દુર્ગુણો જાય અને સદ્‌ગુણોની અભિવૃધ્ધિ થાય તો જ સાચો સત્સંગ કર્યો કહેવાય.

●

**આજ્ઞા પાલન**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ક્યારે પણ કોઈ પણ પ્રસંગે મહારાજના મુખે દાદા ખાચરના ખૂબ વખાણ સાંભળીને દાદા ખાચરના કાકા જીવા ખાચરને બહુ જ ઈર્ષ્યા થતી. આ દાદો તો મારા કરતાં ઘણો નાનો છે. મારા જેટલી વહેવારની પણ ખબર નથી પડતી. મારો ભત્રીજો છે છતાં મહારાજ તેની જ વાહવાહ કરે છે. મોટી સભામાં - અમારે દાદો તો દાદો છે. મહારાજને કાંઈ ખબર પડતી નથી. એવું તો શું ભાળી ગયા છે દાદામાં ! અમે પણ પ્રસંગે પ્રસંગે સેવા કરીએ છીએ છતાં અમારી નહી ને આ દાદાની જ પ્રશંસા !

હવે તો તેમનાથી રહેવાયું નહી ને એક દિવસ તો તક મળતાં મહારાજને આ વાત પૂછી જ નાંખી. મહારાજ કહે, જીવા ખાચર ! તમારા આ પ્રશ્નનો જવાબ ક્યારેક આપી દઈશું.

ધરતીને દઝાડી નાખનારા ધોમધખતા ઉનાળાના બે મહિના પસાર થઈ ગયા. ચોમાસાની શરૂઆત થઈને સૌરાષ્ટ્રની ધરા પર વરસાદની હેલી વરસી. સૌરાષ્ટ્રની પથરાળ ધરતી હોવાથી નદી નાળાં પાણીથી છલકાઈ ગયા. ધરતી વરસાદ પડવાથી રસતરબોળ થઈ રહી. માટીની મીઠી સુવાસથી વાતાવરણ મહેકી ઉઠ્યું હતું. ગઢપુરની ભાગોળમાં વહેતી ઘેલા નદી પણ બંને કાંઠે હિલોળા લેવા માંડી.

વરસાદ થોડો ધીમો થયો એટલે મહારાજ, દાદા ખાચર, જીવા ખાચર તથા પાર્ષદો અને સંતોની સાથે ઘેલા નદીનાં કાંઠે આવીને બિરાજ્યા છે. ઝરમર વરસાદ અને નદીના ધસમસતા નીરને નિહાળી સહું આનંદિત થતા હતા. આવા સમયે વિશ્વંભર શ્રીહરિની નજર એક વટેમાર્ગુ પર પડી. તે વટેમાર્ગુ ભૂખ્યો હતો તેથી રસોઈ કરવા અગ્નિ સળગાવવાનો પ્રયત્ન કરતો હતો તેવું જણાયું. લાકડાં ભીના અને ઝરમર વરસાદ તેના કારણે અગ્નિ સળગતો નહોતો. આ દૃશ્ય નિહાળીને ''અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામિનો....'' એવા શ્રીહરિ વટેમાર્ગુની આ મુશીબત જોતાં જ વ્યાકુળ થકા જીવા ખાચરને કહેવા લાગ્યા - ''જુઓ, પેલો માણસ કેવો હેરાન થાય છે ! આવા પ્રવાસી વટેમાર્ગુ માટે અહીં એક ધર્માશાળા બંધાવો.'' પ્રભુએ જેવું આ વચન કહ્યું કે જીવા ખાચર બોલી ઉઠ્યા ''મહારાજ ! અહીં તો આવા કેટલાંય રખડતા હોય, તે બધા માટે કેટલી ધર્મશાળા બાંધવી.''

મહારાજે તર્તજ દાદા ખાચરને પણ આ જ વાત કરી. ત્યારે સેવા માટે સદા તત્પર અને મહારાજની મરજીને જાણનારા દાદા ખાચરે કહ્યું - ''મહારાજ ! આપની આજ્ઞા અમારે માટે શિરોધાર્ય છે. અત્યારે એ પ્રવાસીને મારા ઘેર લઈ જાઉં છું. અને ચોમાસા પુરતાં ઘરમાંથી જ બે ઓરડા ખાલી કરી આપું. જેથી બીજા કોઈ પ્રવાસીઓ, યાત્રિકો, વટેમાર્ગુ તેમાં રોકાઈ શકે. અને ચોમાસું પુરૂ થતાં જ આપ કહો તેવી ધર્મશાળા બંધાવી દઈએ.''

મહારાજ દાદા ખાચરનો ઉત્તર સાંભળી ખૂબ પ્રસન્ન થયા અને જીવા ખાચરને કહેવા લાગ્યા. ''જીવા ખાચર ! તમે પૂછો છો ને કે તમે દાદાના જ વખાણ કેમ કરો છો ? તો એનું આ જ કારણ છે. તમારા જવાબમાં અને દાદાના જવાબમાં કેટલો તફાવત છે ! એકમાં અસ્વીકાર છે અને બીજામાં સંપૂર્ણ આજ્ઞાપાલન છે તેમ જ દીન-દુઃખી પ્રત્યેની ઉંડી સહાનુભૂતિ છે. તેથી દાદા ખાચર અમને પ્રિય છે.''

જીવા ખાચરને ખ્યાલ આવી ગયો કે મારી શું ખામી છે. મિત્રો ! દાદા ખાચરનો જે જવાબ હતો તેમાં સત્સંગની સુવાસ હતી. સંસ્કાર એ માનવજીવનની વિશિષ્ટતા છે. સેવા, સાદાઈ, સંયમ, સત્સંગ, પરોપકાર, આજ્ઞા પાલનની તત્પરતા વગેરે જેવા સંસ્કારોથી માણસનું જીવન શોભી ઉઠે છે. બાકી સંસ્કાર વિનાના માણસમાં અને પશુમાં કાંઈ ફરક નથી. રસ્તામાં કોઈ પથ્થર પડ્યો હોય તે કોઈને પણ આકર્ષી શકતો નથી પણ જો એ પથ્થર કોઈ કુશળ કારીગરના હાથમાં આવે અને તેના પર શિલ્પી દ્વારા સંસ્કાર થાય તો તે શિલ્પને જોવા લોકો હજારો માઈલથી આવે છે. તે સંસ્કાર છે તે સર્વોત્તમ ઘડતર છે.

આપણે પણ નિયમિત સંત સમાગમ દ્વારા ભક્તિ-ભજન, સેવા-પરોપકારના સંસ્કારોને દ્રઢ કરીને જો સદ્‌ગુણી થઈશું તો ઈષ્ટદેવ શ્રીહરિના પ્યારા બની શકીશું. અને તો જ આ માનવજીવનની, માનવજન્મની સફળતા ગણાશે.

# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી)**
**"ભ્રામક 'હું' જશે તો આત્મારૂપી 'હું' ની ઓળખાણ થશે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણને હું કાંઈક છું. એવો વિચાર ઘણીવાર આવે છે. પરંતુ **હું કોણ છું ? આપણી અસલ ઓળખાણ શું છે ? એવો આપણી પાસે આપણો કોઈ ઉંડો પરિચય છે ?** આપણે જે કામ કરીએ છીએ. આપણે જે જ્ઞાતિના છીએ આપણો જે પહેરવેશ છે. આપણી દૃષ્ટિમાં આપણી જે ઓળખાણ છે તે જો એ જ હોય તો એ આપણો **'ભ્રમ'** છે તે સાપેક્ષ સત્ય છે. જો નિરપેક્ષ સત્ય જાણવું હોય તો પોતાની જાતને પૂછવું પડે કે **હું કોણ છું ?** પોતાના અંતરમાં ઉતરીને તપાસ કરવી પડે. આપણે આપણો ચહેરો સુંદર લાગે માટે આપણા ચહેરા પર મેઈકઅપ લગાવીએ છીએ. કેમ કે ? આપણને બીક લાગે છે કે કેવું લાગશે સારુ નહિ લાગે. તેવી રીતે આપણે આપણા આત્મા ઉપર આવરણોને સજાવટ કરીને રાખ્યા છે. ઉપરથી બધું સારુ સારુ વર્તન કરીએ છીએ ને અંદર કાંઈક બીજુ જ હોય છે. તો તે આવરણરૂપી દુર્ગુણો જે આપણા આત્માને ઘેરીને બેઠા છે તેને હટાવવા પડે. જેમ આપણે પાણી મેળવવા માટે કૂવો ખોદીએ છીએ. તો તેની અંદરથી પથ્થર કાંકરા માટી જે કાંઈ નીકળે તેને હટાવવુ પડે છે. તેમ પોતાની શોધ માટે આવરણરુપી જે સ્તરો છે તેને હટાવવા પડે છે. અને **હું ને શોધવા માટેનું જે મોટામાં મોટું 'આવરણ' તે પણ હું જ છે.** તો હું ને ઓળખવા માટે જે **ભ્રામક 'હું' છે તે 'અંહકાર' છે.** તેને હટાવવું પડે પણ તે જે અહંકારરુપી **'હુ'** છે તેને કેવી રીતે ઓળખવાનું તો **અહંકારની કોઈ સ્વતંત્ર સત્તા હોતી નથી. અહંકાર એ અંધકારની જેમ જ છે.** કોઈ એક રૂમમાં અંધકાર હોય તો તેને બહાર લાવી શકાય નહિ. પરંતુ રૂમમાં દીવો કરી દઈએ તો **'પ્રકાશ'** આપો આપ થઈ જાય છે. તો **અંધકારની વ્યાખ્યા શું ? તો પ્રકાશની અનુપસ્થિતિ એ અંધકાર છે.** તો અંધકારની સામે પ્રકાશને લઈ જઈ શકાય પરંતુ પ્રકાશ હોય ત્યાં અંધકારને ના લઈ જઈ શકાય. કહેવાનો અર્થ છે કે **પ્રકાશની સત્તા છે. જ્યારે પ્રકાશની સામે અંધકારની કાંઈ સત્તા નથી. તેમ 'જ્ઞાન' સામે અહંકારની પણ કાંઈ સત્તા નથી.**

આપણને એવું થઈ જાય કે હું બહુ નમ્ર છું. મારામાં જરાય અહંકાર નથી. એ પણ એક જાતનો અહંકાર છે. એવી જાહેરાત કરવી એ જ અહંકાર કહેવાય. શ્વાસોશ્વાસની જેમ જે પ્રવૃત્તિ સહજ થઈ જાય એને **'સહજતા'** કહેવાય. 'દયા', 'નમ્રતા' એ બધા આપણી અંદર જે ગુણો છે તેને યાદ કરીએ એ પણ સૂક્ષ્મ અહંકાર છે. એ સૂક્ષ્મ અહંકારને ઓળખવામાં વાર લાગે છે.

એકવાર એક સંત અને ગૃહસ્થ બેઠા હતા અને વાતો કરતા હતા. તો વાતોવાતોમાં સંતે કીધું કે હું લાખો રુપિયાને લાત મારીને સંત થયો છું. તો ગૃહસ્થે કીધુ કે કેટલા વર્ષ થયા તમને સંત થયા એ વાતને. તો સંતે કીધું કે ૪૦ વર્ષ થઈ ગયા. તો ગૃહસ્થે કીધું કે **લાગે છે કે લાત બરાબર વાગી નથી.** જો બરાબર વાગી હોય તો ૪૦ વર્ષે યાદ જ ન આવે. કહેવાની જરૂર જ ના પડે કે મેં આટલું છોડ્યું છે. એટલે **ત્યાગનો પણ અહંકાર હોય છે. અને ભોગનો પણ અહંકાર હોય છે.** જગતના સુખનો અહંકાર છે કે મારે જે જોઈતું હતું તે બધું મેં પ્રાપ્ત કરી લીધું હવે હું આર્થિક રીતે સધ્ધર છું એ પણ અહંકાર છે. તો આપણી પાસે જગતની જે વસ્તુઓ ગાડી બંગલા વગેરે સંપત્તિ છે તેનો જે અહંકાર છે એ તો એ વસ્તુ જો છીનવાઈ જાય, જીવનમાં ગરીબી આવે તો એ અહંકાર નષ્ટ થઈ જાય છે. પણ ત્યાગવાનો જે અહંકાર છે કે મેં આ છોડ્યું છે તો તેનાથી બીજા લોકો કરતા હું કાંઈક વિશેષ છું એવી મનમાં ભાવના આવે છે. એ અંધકાર મોટો છે. ત્યાગનો અહંકાર જલ્દી જતો નથી. કેમ કે ? ત્યાગ છે એ કોઈ વસ્તુ નથી કે જેનો ક્યારેય નાશ કરી શકાય. વસ્તુ જતી રહે તો અહંકાર જતો રહે. પણ મેં ત્યાગ કર્યો છે એ તો નાશ પામે જ નહિ. કેમ કે ? મનમાં એવી ભાવના પેસી ગઈ છે. **ત્યાગની સાચી વ્યાખ્યા શું છે ? તો વસ્તુના ત્યાગને ત્યાગ નથી કહેવાતો પરંતુ વસ્તુ પ્રત્યેની મૂર્છાના ત્યાગને ત્યાગ કહેવાય છે.** તો કહેવાનો અર્થ છે કે જીવનમાં ગમે તેવા કાર્યો કરો તો પણ એવી ભાવના ન આવવી જોઈએ કે મેં આ કર્યું. એક રાજા હતો. તેણે બધું ત્યાગી દીધું હતું પણ તેને અંદરની શાંતિ મળતી નહોતી. કેમ કે ? અંદરનો અહંકાર જતો નહોતો એમણે કોઈ સંતને કીધું કે બધું જ ત્યાગી દીધું છે છતાં મને શાંતિ મળતી નથી. તો સંતે કીધું કે મારી પાસે કાલે સવારે વહેલા ચાર વાગ્યે આવજો અને તમારા અહંકારને સાથે લેતા આવજો. રાજાએ કીધું કે અહંકારને કેવી રીતે સાથે લાવું. અહંકાર કોઈ વસ્તુ નથી કે કોઈ માણસ નથી કે એને સાથે લાવું. તો સંતે કીધું કે **અહંકાર શું છે ?** તો રાજાએ કીધું કે **અહંકાર એ અંદરનો ભાવ છે. ચિત્તની દશા છે.** તો સંતે કીધું કે જો એ ચિત્તની દશા હોય તો તમારી અંદર જ હોવો જોઈએ. આંખો બંધ કરીને બેસી જાઓ તમને દેખાય એટલે કહેજો. હું દંડો લઈને બેઠો છું. તેનો નાશ કરી દઈશ. રાજા આંખો બંધ કરીને બેસી ગયા. ચાર-પાંચ કલાક થયા. તો રાજાના ચહેરાનો ભાવ બદલાતો ગયો. રાજાને અંદરની પ્રસન્નતા મળી ગઈ. તો

આપણે પણ આપણી અંદર શોધ કરીએ અને તે શોધ કરવા માટે ત્યાગ અને વિવેકરૂપી જ્ઞાનનો દીવો લઈને જોઈએ તો તે દેખાતો નથી. **કેમ કે ? જે ત્યાગ અને વિવેકરૂપી જ્ઞાનનો દીવો છે તેની સામે અહંકાર ટકી શકતો નથી.** જેમ અંધારા રૂમમાં દીવો લઈને જઈએ તો દીવાના પ્રકાશમાં અંધકાર ટકી શકતો નથી. તેમ **જ્ઞાનરૂપી 'જ્યોત'** દ્વારા આપણું મન જાગૃત હશે તો જાગૃત મન સામે અંધકારરૂપી અહંકાર ટકી શકશે નહી. જાગૃતિ કેવી હોવી જોઈએ ? તેના ત્રણ સૂત્ર છે.

**બહારની જાગૃતિ, અંદરની જાગૃતિ અને આત્માનું જાગરણ.**

બહારની જાગૃતિ એટલે આપણી આજુબાજુ શું થઈ રહ્યું છે. તેમાં ૧૦૦% જાગૃત રહેવાનું. ધારો કે તમે અહિંયા અત્યારે સત્સંગમાં બેઠા છો તો ૧૦૦% જાગૃતિ સાથે સત્સંગ કરવાનો. તન, મન બધું સંપૂર્ણપણે સત્સંગના સમયમાં અર્પણ કરો તેને સંપૂર્ણ જાગૃત કહેવાય. તમે તનથી અહીં બેઠા હોવ પણ મનમાં વિચાર બીજા ચાલતા હોય તો ૧૦૦% અંદર ઉતરતું નથી.

બીજી અંદરની જાગૃતિ રાખવાની. એટલે આપણે આપણા મનમાં ક્યા ખૂણામાં શું વિચાર ચાલી રહ્યો છે તે બધી આપણને ખબર પડે છે. તો અંદર ઉંડા ઉતરીને વિચારવાનું. શાહમૃગ શું કરે છે. શિકારી શિકાર કરવા આવે તો પોતાનું મોઢુ રેતીમાં સંતાડી દે છે. તેમ આપણને ખબર પડી કે આપણી અંદર આ બગાડ છે તો તેને સંતાડવાનો પ્રયત્ન કરવાનો નહિ. આપણે સંતાડીએ છીએ કે કોઈ શું કહેશે ? કદાચ આ વસ્તુ મારી સાધુતાને નહિ શોભે એમ બીવાનું નહિ. આપણા અંદર શું ચાલે છે તેની ખબર હશે તો જ તેનો ઈલાજ થશે. **આપણા શાસ્ત્રોમાં બધા રોગની ઔષધી છે.** માટે તેનો ઈલાજ કરી આપણામાં જે દુર્ગુણ હોય તેને દૂર કરી દેવાના. ઘણીવાર આપણને કાંઈ શારીરિક તકલીફ હોય તો પણ આપણે એવું વિચારીએ છીએ કે રિપોર્ટ નથી કરાવવો. પછી વધારે ડાયાબીટીશ આવશે તો ? કેન્સર આવશે તો ? એવું માનીને રિપોર્ટ નથી કરાવતા. **તો શું થાય છે ? રોગ વધી જાય છે. પછી તેનો ઈલાજ અશક્ય બની જાય છે.** તો એવુ નહિ કરવાનું. આપણને ખબર પડે કે મારામાં આ દુર્ગુણ છે તો આંખ આડા કાન નહિ કરવાના કાઢવા માટે પ્રયત્ન કરવાનો. અંદર બહાર બન્નેની જાગૃતિ રાખીશું તો આત્માનું જાગરણ કરવામાં કાંઈ કરવું પડતું નથી. આત્માનું જાગરણ ભગવાન કરે છે. આપોઆપ થઈ જાય છે. ખેડૂત હોય છે તે બીજ વાવે છે પછી પાણી ખાતર બધું આપે છે તો ફળ કે ફૂલ લાવવા પડતા નથી તે જાતે આવે છે. ખેડૂત જેવું જતન કરે છે તેવું ફળ મળે છે. **તો આપણે પણ જેટલા વધારે સજાગ રહીશું એટલું વધારે સારુ આત્માનું જાગરણ થશે.** બે વસ્તુ કાયમ યાદ રાખવાની. સજાવટ શણગાર નહિ કરવાના અને બીક નહિ રાખવાની. સહજતા રાખીને આપણા જીવનમાં રહેલા દુર્ગુણો દૂર કરવાનો પ્રયત્ન કરીશું તો આગળ વધી શકાય છે. **અહંકારની કોઈ સ્વતંત્ર સત્તા છે જ નહિ. અહંકાર એટલે માત્ર માન્યતા ખોટી માન્યતા છે.** આપણામાં રહેલી એક એક ખોટી માન્યતાને સમજીને ટાળવાનો પ્રયત્ન કરીશું તો ચોક્કસ શુધ્ધ થઈ શકાશે.

●

### આત્મનિવેદી રાજા અંબરીષ

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને સહજતાથી અનંત જીવોના ઉધ્ધાર માટે અતિ ઉત્તમ મોક્ષ માર્ગ બતાવ્યો છે. મુમુક્ષુ જીવ સરળતાથી પોતાનું શ્રેય સાધી શકે તે માટે મહારાજે નવ મંદિરોમાં શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિ સ્વરૂપો પધરાવ્યા. આચાર્યોની સ્થાપના કરી પોતાની દિવ્ય વાણી - વચનામૃત નામે મહાગ્રંથ સંગ્રહ પાંચ નંદ સંતોએ તૈયાર કર્યો. પોતાના સમકાલીન સંતો પાસે સત્સંગિજીવન, સત્સંગિભૂષણ ઈત્યાદિ ઉત્તમ શાસ્ત્રો રચાવ્યાં અને સંવત ૧૮૮૨ ના મહાસુદી પંચમીને દિવસે શિક્ષાપત્રી લખી. કુલ ૨૧૨ શ્લોકમાં દરેક વર્ણના ધર્મ-નિયમ-સમજાવ્યા છે. દરેક ભક્તજનને વાંચવાની - સાંભળવાની જીવનમાં ઉતારવાની આજ્ઞા કરી છે.

શિક્ષાપત્રી શ્લોક ૫૫ માં મહારાજે "અમારા સત્સંગી માં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું એવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યંત સર્વે ક્રિયા કરવી ?

આપણને પ્રશ્ન થાય કે અંબરીષ રાજા કોણ હતા ? તો અંબરીષ રાજા - મનુના પુત્ર નભગનો પુત્ર નાભાગ, નાભાગના પુત્ર એ જ અંબરીષ રાજા. જે મહા પરમ ભક્ત હતા. એક વખત રાજાએ બાર મહિનાની એકાદશીનું વ્રત કર્યું હતું. દશમ અને દ્વાદશીએ એકટાણું અને એકાદશી સંપૂર્ણ નિરાહાર ઉપવાસ પછી એનું ઉદ્યાપનમાં પણ વિધિ પ્રમાણે મહાપૂજા ચોવીસ સ્વરૂપોનું પૂજન. પૂર્ણાહુતિ અને સમય પ્રમાણે વ્રતના પારણાં કરવાના હોય છે. પરંતુ જ્યારે રાજા અંબરીષને પારણાનો સમય થયો એ જ વખતે મહાત્મા દુર્વાસા મુનિ આવી પહોંચ્યા. અતિથિ બન્યા એટલે તેમને જમાડ્યા સિવાય જમાય નહીં અને જો રાજા સમયસર વ્રતના પારણા ન કરે તો વ્રતનું ફળ ન મળે ! રાજાએ મહાત્માને વિનંતી કરી, 'મહાત્માજી ચાલો જલ્દી જમી લો.'' દુર્વાસાજી કહે, "મારે સ્નાન કરવું છે.'' રાજાએ ફરી વિનંતી કરી. "મહાત્માજી મારે સમયસર વ્રતનું પારણું કરવાનું હોવાથી વહેલા પધારજો.'' મહાત્માજી તો સ્નાન કરવા ગયા સમય પસાર થવા લાગ્યો. એટલે અંબરીષ રાજાએ ભૂદેવોની સલાહ લીધી. ભૂદેવોએ આજ્ઞા કરી. 'ઠાકોરજીના અભિષેકનું જળ અને તુલસી પત્ર મુખમાં મૂકી દો એટલે પારણા કર્યા જ કહેવાશે જમ્યા નહી કહેવાય ! અને જ્યાં રાજા મુખમાં તુલસીપત્ર મૂકવા ગયા કે દુર્વાસા આવી ગયા. ગુસ્સે થઈ આમ કેમ કર્યું ? તું અભિમાની છે. તને તારા ગર્વનું ફળ આપું છું. તેમ બોલીને રાજાને મારી નાંખવા એક કૃત્યા

ઉત્પન્ન કરી. કૃત્યા રાજા પાસે જાય એ પહેલાં જ ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્ર વડે કૃત્યાને બાળી નાખી પછી સુદર્શનચક્ર દુર્વાસાજીની પાછળ પડ્યું. દુર્વાસાજી બ્રહ્મા, શિવજી પાસે ગયા તેમણે પણ શરણુ આપ્યું નહીં પછી વૈકુંઠમાં શ્રી નારાયણના ચરણમાં પડી ક્ષમા માંગી. ભગવાન નારાયણે કહ્યું.

''अहं भक्त पराधीनो ह्य स्वतंत्र इवद्विज ।

साधुन्गिग्रस्त हदयो भक्तै भकत जन प्रिय ॥

તમે મારો અપરાધ કર્યો હોત તો હમણાં જ માફી આપી દેત પણ આતો મારા ભક્તનો અપરાધ કર્યો છે ને ? એટલે ત્યાં જઈને જ માફી માંગો. દુર્વાસાજી દોડતા દોડતા અંબરીષ રાજા પાસે જઈ ક્ષમા માગી ત્યારે સુદર્શનના ત્રાસમાંથી રક્ષા થઈ. દુર્વાસાજી વૈકુંઠ - કૈલાસમાં જઈને પાછા આવ્યા ત્યારે એક વરસ વીતી ગયું હતું. છતાંય રાજા અંબરીષે અન્નનો દાણો મુખમાં મૂક્યો નહોતો. પછી રાજાએ દુર્વાસાજીને માનથી પૂજી ભાવથી જમાડ્યા. રાજા એ પારણાં કર્યા. માટે જ મહારાજે આત્મનિવેદી ભક્ત અંબરીષ રાજાનું નામ શિક્ષાપત્રીમાં લખ્યું છે. આવા પરમ ભક્તને દુર્વાસાજીનો શાપ પણ સ્પર્શી શક્યો નહતો.

●

## શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૩૮ મી પ્રાગટ્ય જયંતી

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ગુજરાતને સંસ્કારના રંગે રંગનાર, ગુજરાતમાં રક્તનું એક પણ ટીંપુ વહેવડાવ્યા વિના આધ્યાત્મિક ક્રાંતિ સર્જનાર.... ધર્મ ચક્ર પ્રવર્તક ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૩૮ મો પ્રાગટ્ય દિન તા. ૧૪-૪-૨૦૧૯ નો છે, તે પ્રસંગે તેમણે કરેલાં સમાજ સુધારક તરીકેના કાર્યોની માહિતી મળવીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનું એક બીજું નામ શ્રી સહજાનંદ સ્વામી પણ હતું. તેમના સમાજ સુધારાના કાર્યોથી પ્રભાવિત મહાત્મા ગાંધીજીએ લખ્યું છે કે, ''જે કાર્ય એક સહજાનંદે ગુજરાતમાં કર્યું તે રાજદંડ ન કરી શક્યો ને નહીં જ કરી શકે.''

શ્રી સહજાનંદ સ્વામી (જન્મ ઈ.સ. ૧૭૮૧ અને દેહોત્સર્ગ ઈ.સ. ૧૮૩૦) ના આ ધરતી પર ૪૯ વર્ષ બે માસ અને એક દિવસ ની અવધિમાં ધર્મચક્ર પ્રવર્તક તરીકેના તેમના ૨૮ વર્ષ છ માસના ગાળામાં તેમણે કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાતના લોકમાનસમાં ચમત્કારિક સુધારાઓ કરીને અદ્‌ભુત પરિવર્તન લાવી દીધું હતું.

આજનો સુખી-સમૃધ્ધ-અહિંસક ગુજરાતનો સઘળો યશ બેલાશક ભગવાન શ્રી સ્વામિનરાયણને અચૂક આપી શકાય. સર્વ પ્રથમ તેમણે લોકોને આચાર, વિચાર, વાણી, વ્યવહારની આંતર-બાહ્ય સ્વચ્છતા ના પાઠો શીખવાડ્યા. તે માટે તેમણે નાના-મોટા ઉત્સવ સમૈયાના માધ્યમથી લોક સમૂહો ભેગા કરતા અને તેમને સુબોધ આપતાં જેનું જનતા અક્ષરસઃ પાલન કરતી હતી. સ્વામીની પ્રત્યેક આજ્ઞાઓનો પડ્યો બોલ ઝીલવા લોક માનસ તત્પર રહેતું.

શ્રીહરિ પોતાના ભક્તોની કેટલી બધી કાળજી રાખતા કે તે સમયે ખેડા-સરખેજ વિસ્તારમાં ગળીનો પાક લેવાતો જેમાં જીવ હિંસા થતી તથા તેની ઝેર રજ તેનું કામ કરનારને નુકશાન કરતી. તેનું વાવેતર બંધ કરાવી અન્ય પાકોનું વાવેતર કરતાં કર્યા.

આમ પ્રજાનું રક્ષણ કરવાના બદલે તે વખતનાં રાજાઓ સ્વયં પ્રજાને લૂંટી રહ્યા હતા. ચોર-ડાકુઓ ધોળા દિવસે પ્રજાને લૂંટતા, તે જોઈને શ્રીહરિએ પોતાના કર્તવ્યના બળથી તે સૌને ધર્મ-નીતિ-સદાચાર-અહિંસાના પાઠો શીખવ્યા અને સંપૂર્ણ રીતે આ કાર્યમાં સફળ થયા. ધર્મ કાર્યોના નામે ચાલતાં હિંસામય યજ્ઞો બંધ કરાવી લોકમાનસને અહિંસાના રંગે રંગ્યું.

મહિલા ઉત્કર્ષના પ્રણેતા શ્રી સહજાનંદ સ્વામીએ બાળકીઓને દૂધ પીતી કરવાનો કુરિવાજ અને સ્ત્રીઓને સતી થવાના જંગલી રિવાજમાંથી મુક્ત કરી. તેમના માટે અલાયદા મંદિરોનાં નિર્માણ કરાવી તેમના શીલ-સદાચારને સંરક્ષણ આપ્યું.

સમાજનો પછાત વર્ગ છૂતા છૂત - વ્યસન - વહેમ આદિ વિવિધ કુરિવાજોમાં ફસાયેલો હતો. તેમજ અનેક રોગોના ભોગ બનતા લોકોને આ દારૂણ સ્થિતિમાંથી બહાર કાઢીને ક્રાંતિકારી કાર્યો કર્યા. અને લોકોને જુગાર જેવી બદીઓમાંથી પણ છોડાવ્યા.

લોકમાનસમાં એક વિચારધારા વહેતી થઈ ગઈ કે જો આપણે જીવનમાં અન્ન-ધન-વસ્ત્રોથી સુખી થવું હોય તો ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા માર્ગને વહેલી તકે અપનાવવો જ પડશે. આજે પણ આ વિચારધારાની સત્યતા લોકો અનુભવી રહ્યાં છે. તેથી તો કહેવત પડી છે કે, ''કુસંગીના ફેલફતુરમાં સત્સંગીનો રોટલો'' જે ચિંતન કરવા જેવી વાત છે.

શક્તિશાળી લોકો જે માનવ જીવનના મૂલ્યો નહોતા જાણતાં તેમને વશ કરીને તેમની શક્તિને પ્રજાના સર્વાંગી વિકાસમાં વાપરવા સલાહ આપી અને આ પાપી લોકો ક્ષણભરમાં પુણ્યાત્માઓ બનવા લાગ્યા. સમાજ જીવનમાં સૌ શાંતિ અનુભવવા લાગ્યા. કાયદો વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ બનેલી અંગ્રેજ સલ્તનતને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ક્રાંતિકારી કાર્યોથી પ્રભાવિત કરી હતી. જેના પરિણામે અમદાવાદના બ્રિટીશ કલેકટરને સામે ચાલીને અમદાવાદમાં સંસ્કાર તીર્થ બાંધવા માટે કાલુપુર વિસ્તારમાં નરનારાયણદેવનાં શ્રી સ્વામિનારાયણ મંદિર માટે વિના મુલ્યે જમીન આપી હતી. અને સર સયાજીરાવ ગાયકવાડ સરકાર પણ તેમના રાજ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિરોના નિર્માણ માટે મફત જમીન અને ઉદાર સખાવતો આપતા હતા.

# સત્સંગ સમાચાર

## અમદાવાદ કાલુપુર મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બિરાજમાન ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને જેઠ સુદ-૧૫ તા. ૧૭-૬-૧૯ ને સોમવારના રોજ સવારે ૭-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કેસર સ્નાન વિધિવત રીતે સંપન્ન થયું હતું. કેસર સ્નાનના યજમાન પ.ભ. બિપીનભાઈ સોની પરિવાર રહ્યા હતા. અમદાવાદ શહેર અને ગામોગામથી પધારેલા હરિભક્તોએ કેસર સ્નાનના અલૌકિક દર્શન કરી ખૂબજ ભાવિ વિભોર થયા હતા. પૂ. મહંત સ્વામીના સંત મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી. શ્રી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી સંતોએ ઠાકોરજીને અલૌકિક શણગાર ધરાવી દર્શન કરાવ્યા હતા. (કોઠારી શા. મુનિ સ્વામી)

## શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) દ્વારા આયોજીત કુડાસણમાં કથા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સમસ્ત સત્સંગ સમાજ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સે-૨ ગાંધીનગર તથા કુડાસણ દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત પંચાન્હ રાત્રી પારાયણ ૧૫ મે થી ૧૯ મેં ૨૦૧૯ દરમ્યાન સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ હતી. તા. ૧૫-૫-૧૯ ના રોજ સાંજે પારાયણના યજમાનશ્રીના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા ધામધૂમથી ધૂન-ભજન કીર્તન કરતા કથા સ્થળે પહોંચી હતી. કથા પ્રસંગ દરમ્યાન સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ વ્યાખ્યાન માળામાં ભગવાન સંબંધી સુંદર વાતો કરી હતી. કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રાસોત્સવ આદિ ધામધૂમ પૂર્વક ઉજવાયા હતા. ગાંધીનગર મંદિરના પૂ. મહંત શા. પી.પી. સ્વામી સમગ્ર પ્રસંગમાં માર્ગદર્શક અને પ્રેરક રહ્યાં હતાં. કથાની સમાપનની આરતી કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામીએ ઉતારી હતી. ગાંધીનગર અને આજુબાજુના ગામના હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. ઘણા હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી.

(શા. વ્રજ સ્વામી - કોટેશ્વર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) કુંડાળ (તા. કડી) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળાશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત પૂ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ના સુંદર માર્ગદર્શનથી સમસ્ત સત્સંગ સમાજ કુંડાળ (કડી) દ્વારા બહેનોના નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને તેના અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ તા. ૧૮-૫-૧૯ થી ૨૪-૫-૧૯ દરમ્યાન વિધિવત રીતે સંપન્ન થઈ હતી.

સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતના મધુર સૂર સાથે કથા થઈ હતી. આ પ્રસંગે અનેક રાજકિય અન ધાર્મિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. કથા દરમ્યાન પોથીયાત્રા, ઠાકોરજીની નગર યાત્રા, રૂક્ષ્મણીવિવાહ, અન્નકૂટ દર્શન, શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. ગામના તમામ હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી જીવન કૃતાર્થ કર્યું હતું. તા. ૨૪-૫-૧૯ ના રોજ પ્રાતઃ ઠાકોરજીના અભિષેક બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. ધામોધામથી અનેક સંતો મહંતો પધાર્યા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાજી - ગાંધીનગર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર) દ્વિદશાબ્દી મહોત્સવ એવમ્ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી તથા શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર) સમસ્ત સત્સંગ સમાજ તથા અ.નિ. સોની મલુકચંદ જેઠાભાઈ પરિવાર (સરાવાળા)ના યમાનપદે શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર)નો દ્વિદશાબ્દી મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય સપ્તાહ પારાયણ તા. ૨૨-૫-૧૯ થી તા. ૨૮-૫-૧૯ દરમ્યાન સ્વાગત પાર્ટી પ્લોટ (ભૂયંગદેવ-મેમનગર રોડ) ખાતે સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના સુમધુર કંઠે સંગીત સાથે ધામધુમથી સંપન્ન થઈ હતી. આજથી ૨૦ વરસ પહેલા આ મંદિર શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના નિષ્ઠાવાન આપણા

પ.ભ. કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણીએ પોતાનું નિવાસ સ્થાન શ્રી નરનારાયણદેવને અર્પણ કર્યું હતું.

આ મહોત્સવના ઉપલક્ષમાં રાત્રીય શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ, સંહિતાપાઠ, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ, મહાપૂજા, શ્રી ઘનશ્યામ પ્રાકટ્યોત્સવ, રાસોત્સવ આદિ કાર્યક્રમો ધામધૂમથી થયા હતા. કથા પ્રસંગમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી કથા શ્રવણ અને બહેનોને દર્શન આશીર્વાદ આપવા રોજે પધારતા હતા. તા. ૨૮-૫-૧૯ ના રોજ નિજમંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટની આરતી થઈ હતી. ત્યારબાદ કથા સ્થળે કથાની પૂર્ણાહુતિ કરીને સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) અને સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજી (કાલુપુર)એ સુંદર રીતે શોભાવ્યું હતું.

(કોઠારીશ્રી મેમનગર - ભક્તિનગર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપ શ્રીકષ્ટભંજનદેવનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) તથા સ.ગુ. પૂ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધર્મકુળના કૂળ દેવતા શ્રી કષ્ટભંજનદેવ મૂર્તિ પ્રતિષ્ઠા અને સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ૬ઠ્ઠો પાટોત્સવ તા. ૩૧-૫-૧૯ થી તા. ૪-૬-૧૯ દરમ્યાન ધામધૂમથી ઉજવાયા.

આ મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંત તુલસીદાસજી કૃત શ્રીમદ્ રામચરિતમાનસ કથા સુંદર રીતે સંપન્ન થઈ હતી. આ પ્રસંગમાં શ્રી રામજન્મોત્સવ, પોથીયાત્રા, નગરયાત્રા, મારૂતિ યજ્ઞ અને મંદિર ઉદ્ઘાટન આદિ કાર્યક્રમો થયા હતા. સેવા ભાવી અનેક હરિભક્તોએ નાની મોટી સેવાના યજમાન બન્યા હતા. તા. ૪-૬-૧૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી કષ્ટભંજનદેવની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ નિજ મંદિરમાં પ્રસ્તાપિત ઠાકોરજીનો ૬ઠ્ઠા પાટોત્સવની આરતી વિધિવત રીતે થઈ હતી.

આ પ્રસંગે કાલુપુર મંદિરના પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ અનેક સંતો મહંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમગ્ર સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાણઘાટ મહંતશ્રી)એ શોભાવ્યું હતું.

(કોઠારીશ્રી ન્યુ રાણીપ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ) ઘાટલોડિયા રજો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ) ઘાટલોડિયાનો દ્વિતીય પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત તા. ૫-૬-૧૯ થી તા. ૭-૬-૧૯ ત્રણ દિવસ રાત્રીય વ્યાખ્યાન માળાનું આયોજન થયું હતું.

જેમાં પ્રથમ દિવસે અ.મૂ.ગોપાળાનંદ સ્વામીના જીવનકવન પર સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (આદરજ)એ સુંદર વિવેચન કર્યું હતું. બીજા દિવસે સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)એ આપણા આદિ આચાર્ય પ.પૂ.શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના પ્રેરણાત્મક પ્રસંગો રજૂ કર્યા હતા. ત્રીજા દિવસે પૂ. સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ ડાંગરવાના મહામુક્ત જતનબાના પ્રેરણાત્મક પ્રસંગો કહ્યાં હતા.

તા. ૮-૬-૧૯ ના પાટોત્સવ પ્રસંગે કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. હરિકૃષ્ણદાસજી તથા પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર) તથા ધામો ધામના સંતોએ પ્રેરણાત્મક આશીર્વાદ આપ્યા હતા. સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે થયો હતો. ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ બહેનો દ્વારા બનાવેલ અનેક વાનગીઓનો ધરાવ્યો હતો. ઘણા હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી. સમગ્ર આયોજન સ.ગુ.પૂ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ના સુંદર માર્ગદર્શનથી થયું હતું.

(રમેશભાઈ પટેલ કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુર (કડી-ખાખરીયા) ચતુર્થ પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણીપુરનો ૪ થો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો હતો. ઠાકોરજીને અન્નકૂટ આરતી કરી શા. પી.પી. સ્વામી અને સંત-મંડળે કથા વાર્તા કીર્તન ધૂન-ભજન આદિ કર્યા હતા. પાટોત્સવના યજમાન શ્રી નરોતમભાઈ પંચાલ પરિવાર રહ્યાં હતાં.

(ધનવંતભાઈ બી. પટેલ)

**શ્રી નરનારાયણદેવ બાલિકામંડળ (હવેલી) શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શને**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાંખ્યયોગી મંજુબા તથા ભારતીબાની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર હવેલીમાં

બાલિકાઓમાં સંસ્કાર સિંચન અને આપણા મૂળ સંપ્રદાયની પરંપરાની સમજ અને જ્ઞાન અર્થે આપણા શ્રી નરનારાયણદેવ બાલિકા મંડળને આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં તા. ૯-૬-૧૯ ના રોજ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૯-૬-૧૯ ના સૌ પ્રથમ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દર્શન કરીને નારણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર ઠાકોરજીના દર્શન કરાવ્યા હતા. ત્યાં ચાલતી બાળ સભામાંની પ્રવૃત્તિમાં બાલિકાઓએ લાભ લઈ રાજભોગ આરતીના દર્શન કરી પ્રસાદ લઈ સૌ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધૂન ભજન કીર્તન કરતા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પહોંચ્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સૌ એ સર્વોપરી શ્રીજી મહારાજની સ્પર્શ થયેલ અલૌકિક પ્રસાદીની વસ્તુઓના અલૌકિક દર્શન કરી ભાવ વિભોર બન્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શન કરી ગાંધી આશ્રમની મુલાકાત લઈ પરત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર આવ્યા હતા. ખરેખર તમામ બાલિકાઓ માટે આજનો દિવસ ખૂબજ ભવ્ય અલૌકિક અને યાદગાર બની રહ્યો હતો. (સંચાલિકા કીર્તિદાબેન મોદી અને અરૂણાબેન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તેમજ બહેનોના મંદિરના પૂજારી ચંપાબાની પ્રેરણાથી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અંતર્ધાન તિથિ નિમિત્તે તા. ૧૨-૬-૧૯ જેઠ સુદ-૧૦ ના દિવસે બહેનોના મંદિરમાં સવારના ૭ થી સાંજના ૭ સુધી ૧૨ કલાક સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ હતી. તેવી જ રીતે એપ્રોચ (બાપુનગર) મંદિરમાં પણ અત્રેના પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી સવારના ૮ થી ૧૦ એમ બે કલાક ધૂન કરવામાં આવી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ ધર્મકુળના આશીર્વાદથી હર્ષદકોલોની મંદિર તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી દરેક મહિનાના સામાન્યતઃ ચોથા શનિવારે રાત્રે અઢી કલાક જુદાં જુદાં યજમાનોને ત્યાં સોસાયટીમાં સત્સંગ સભાનું આયોજન થાય છે. જેમાં યુવક મંડળ મંડળ દ્વારા ધૂન-કીર્તન તેમજ શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) આદિક વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો દ્વારા શ્રી શ્રીહરિના ચરિત્રોના માધ્યમથી સત્સંગ પોષણ થઈ રહ્યું છે. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) ધૂન**

